Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૬ • તા. ૧૩ એપ્રિલ થી ૧૯ એપ્રિલ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલી આયોજીત ક.દ.ઓ. ક્રિકેટ કપ-૨૦૧૩ ટુર્નામેંટ
## સ્પોન્સર્સ : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ



ટુર્નામેંટ પુર્વે દીપ પ્રાકટ્ય કરતા મંડળના પ્રમુખ શ્રી વિરેન્દ્ર લોડાયા તથા મુંબઈ મહાજન સેક્રેટરી શ્રી ચેતન મોતા, હરીશ શિયાલ અને મહેશ ખોના



KDO કપ ટુર્નામેન્ટની શરૂઆત કરતા મંડળના પ્રમુખશ્રી અને કાર્યકરો તથા મુંબઈ મહાજનશ્રીના સેક્રેટરી તથા આમંત્રિતો



ટુર્નામેંટ શુભારંભે ટૉસ ઉછાળતા શ્રી ચેતન મોતા અને બન્ને ટીમના કેપ્ટનો



મુંબઈ મહાજનની ટીમનું ટૉસ ઉછાળતા શ્રી ભરત જીવાણી અને બન્ને ટીમના કેપ્ટનો



પધારેલ શ્રી નીપેશ પટેલ તથા પત્રકાર ચેતન મહેતાનું અભિવાદન કરતા વિશ્વજીતભાઈ તથા મનોજ ખોના, દેવેન્દ્રભાઈ સાથે પ્રમુખશ્રી



KDO કપ-૨૦૧૩ મેચમા ભાગ લેવા મુંબઈ મહાજનની વ્ય. સમિતિના સભ્યો



મેચ નિહાળવા પધારેલ શ્રી હેમાંગ રાયચંદ ધરમશી તથા મંડળ પ્રમુખશ્રી વિરેન્દ્ર લોડાયા, સેક્રેટરી શ્રી હરીશ શિયાલ તથા શ્રી અજય લોડાયા



KDO કપ-૨૦૧૩ ટુર્નામેંટનું આનંદ માણી રહેલા સર્વશ્રી હેમાંગ ધરમશી, કિરણ દંડ તથા વિરેન્દ્ર લોડાયા અને કાર્યકરો



ક.દ.ઓ. કપ ટુર્નામેંટના સ્કોરની જવાબદારી સંભાળતા સર્વશ્રી ગીરીશ મેઘાણી, વિશ્વજીત લોડાયા, મનોજ ખોના



ટુર્નામેંટ પ્રસંગે આયોજીત જમણની લહેજત માણતા કાર્યકરો



ટુર્નામેંટના સૌજન્યદાતા શ્રી મુંબઈ મહાજન વતી સન્માન સ્વિકારતા શ્રી અજય લોડાયા તથા સૌ. ચાંદની લાલકા



ટુર્નામેંટની રનીંગ કોમેન્ટરી આપનાર સૌ. ચાંદની પરેશ લાલકાનું સન્માન કરતા સૌ. છાયા લોડાયા

# શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલી આયોજીત ક.દ.ઓ. ક્રિકેટ કપ-૨૦૧૩ ટુર્નામેંટ
## સ્પોન્સર્સ : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ



ટુર્નામેંટમાં પધારેલ શ્રી કિરણ દંડ (ભૂમિરાજ)નું બહુમાન કરતા ભૂપેન્દ્ર ડાઘા અને વિશ્વજીત લોડાયા



KDO કપ-૨૦૧૩ની રનર અપ મુલુંડ યંગસ્ટર્સની ટીમ



KDO કપ વિજેતા શ્રી રામાપીર જુનિયર ઈલેવનની ટીમ સાથે મંડળના કાર્યકરો



મુંબઈ મહાજનની ટીમ વતી ફાફડી ફટકાબાજી કરતા શ્રી ચેતન મોતા



ટુર્નામેન્ટમાં મુંબઈ મહાજનની ટીમ વતી જોરદાર બેટીંગ કરતાં ઉપપ્રમુખ શ્રી સંજય અજાણી તથા સેક્રેટરી શ્રી ચેતન મોતા



યશ લોડાયાની ફાફડી ફટકાબાજી



ધારદાર બોલીંગ અને બેટીંગની રમઝટ જમાવતા ખેલાડીઓ અને આનંદ માણતા જ્ઞાતિજનો

# અભિનંદન




# જશથી છલકતી જાસ્મીન ધુલ્લા

ઊર્મિ સ્કૂલ વડોદરાની પ્રતિષ્ઠિત **Aptitude Test**માં (UAT) ૨,૦૦૦ વિદ્યાર્થીઓમાં જાસ્મીને મેળવ્યો ઝળહળતો **પ્રથમ ક્રમ !**

૨,૦૦૦ વિદ્યાર્થીઓએ આપી **UAT Exam** પ્રત્યેક ૫૦ માર્કસના **GK, SS, Science, Maths, Drawing** એમ કુલ પાંચ પેપર્સની ૨૫૦ માર્કસવાળી પરીક્ષામાં **Highest Marks** સાથે જાસ્મીન **First** આવી !

ગુરુવાર, ૦૪ એપ્રિલ ૨૦૧૩ના હજારો વિદ્યાર્થીઓની હાજરીમાં ઊર્મિ સ્કૂલ **CBSE**ના પ્રિન્સિપાલના હસ્તે જાસ્મીનને **UAT** સર્ટિફિકેટ સાથે રૂ. ૧૦,૦૦૦નું રોકડ ઈનામ તથા એક વરસની શૈક્ષણિક સ્કોલરશિપ આપીને તેનું અભિવાદન કરવામાં આવ્યું.

માતા-પિતાઃ શ્રીમતી મીના મનોજ કિશોર ધુલ્લા (સુથરી) દાદી-દાદાઃ શ્રીમતી વિજયાબહેન કિશોર ધુલ્લા (સુથરી)
નાની-નાનાઃ શ્રીમતી વિજયાબહેન શાંતિલાલ મૈશેરી (લાલા) માસી-માસાઃ શ્રીમતી પ્રીતિ કેતન સુમતીચંદ્ર લોડાયા (બારોઈ)
મામી-મામીઃ શ્રીમતી મીરા તિલેશ શાંતિલાલ તથા શ્રીમતી માલતી નિલેશ શાંતિલાલ મૈશેરી (લાલા)
અને સમગ્ર પરિવારો તરફથી **જાસ્મીનને** ઝળહળતા ભવિષ્ય માટે

**અંતરમનથી આશીર્વાદ તથા શુભેચ્છાઓ !**

**આદ્યતંત્રીઓ**
"**પ્રકાશ**"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"**સમીક્ષા**"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"**પ્રકાશ સમીક્ષા**"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 16 / 2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# અનંતનાથ ટ્રસ્ટે બોલાવેલી પ્રથમ ઐતિહાસિક સભામાં જ્ઞાતિહિતના પ્રશ્નો પર સૈધ્ધાંતિક સમજૂતી સાથે સંવાદની દિશામાં વિરાટ કદમ

અનંતછાયાના વેચાણ સંબંધે માનનીય જોઈંટ ચેરીટી કમિશ્નરે આપેલ ચૂકાદો વ્યાજબી છે કે નહીં તેની સુનવણી હાઈકોર્ટમાં ચાલી રહી છે. તે દરમિયાન જ અનંતનાથ ટ્રસ્ટે ટ્રસ્ટના વહીવટ, તેમાં આવેલી મુશ્કેલીઓ, પોતે કરેલી બાબતો, પોતે કરવા ધારેલી બાબતો અંગે અહેવાલ આપવા તથા તે અંગેના જ્ઞાતિના સૂચનો જાણવા નવો ચીલો શરૂ કરીને બોલાવેલી સભા (૧૨.૪.૨૦૧૩) જ્ઞાતિહિતના પ્રશ્નો પર થયેલી સૈધ્ધાંતિક સમજૂતીઓ સાથે સંવાદની દિશામાં વિરાટ કદમ ભરાતા ઐતિહાસિક બની હતી. કામકાજનો દિવસ કોઈ સાનુકૂળતા ન હોવા છતાં મોટાભાગના જ્ઞાતિ આગેવાનો ઉપસ્થિત હતા.

નારાજગી-પ્રશંસા-કટાક્ષ-રમૂજના વાતાવરણમાં ઘડીકમાં એક તો ઘડીકમાં બીજા મુદ્દા પર પહોંચતી સભામાં જ્ઞાતિજનોએ વારંવાર એકબીજાને યાદ અપાવી હતી કે આપણે વિવાદ નહીં સંવાદ કરવાનો છે. ક્યારેક વિરોધાભાસી તો ક્યારેક મિત્રતાપૂર્ણ વાતાવરણમાં જ્ઞાતિહિતના કેટલાક મુદ્દાઓ પર સર્વસંમતીનો તખ્તો ગોઠવાયો હતો જે આ પ્રમાણે છે :

૧) રહેઠાણ સમસ્યા જ્ઞાતિની અગ્રતા યાદીમાં પ્રથમ હોવી જોઈએ તેથી અનંતનાથ ટ્રસ્ટે પોતાની પ્રવૃત્તિઓમાં તેને અગ્રતા આપવી.
૨) અનંતછાયાના વેચાણનો નિર્ણય ટ્રસ્ટીઓએ તેમના કહેવા પ્રમાણે વિશેષ સંજોગોમાં લીધો તે બાબતને વિવાદનો મુદ્દો ન બનાવતા તેના વેચાણમાંથી ઉપજેલી રકમનો યથા યોગ્ય ઉપયોગ કરવા પર ધ્યાન દેવું. ટ્રસ્ટીઓએ અનંતછાયાના વેચાણમાંથી મળેલી રકમ શિક્ષણ અને વૈદ્યકીય સહાય માટે બાંધી મુદતની થાપણ (ફીક્સડ ડીપોઝીટ)માં મુકવાની યોજના છોડી અનંતસિદ્ધિના રીડેવલપમેન્ટ તથા હોપ વન થાઉઝન્ડની યોજનાને આગળ વધારવા તેનો ઉપયોગ કરવો.
3) અનંતછાયા વેચાણના વિવાદ દરમિયાન અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટ સ્કીમની કલમ ૨૯ પ્રમાણે પોતે કાનુની માલિક હોઈ કોઈપણ નિર્ણય લેવા કુલમુખત્યાર છે એવી જે દલીલો અને વ્યવહાર કર્યા છે તેને બદલે તેમણે મહાજનની સર્વોપરિતા સ્વીકારવી.
૪) અનંતછાયાના વેચાણ બાબત વાંધો લેનારાઓએ હાઈકોર્ટ સમક્ષ જોઈંટ ચેરીટી કમિશ્નરના ચુકાદાને પડકારતી તેમની અરજીનો નિકાલ થાય ત્યારબાદ જ્ઞાતિ મંચના આધારે જ તેમના વાંધાનો ઉકેલ આણવો.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આ સભા બોલાવવાની જે ભૂમિકા સ્પષ્ટ કરી તેમાં જાણવા જેવી નવી બાબત એ હતી કે મસ્જિદબંદર વિસ્તારમાંની ટ્રસ્ટની મિલકતો (જથ્થાવાળો માળો, અનંતનિવાસ, મલબારીવાળો માળો વિગેરે)ના રીપેરીંગ-રીડેવલપમેન્ટ અંગે મ્હાડા અને રીપેરબોર્ડ તરફથી દબાણ વધી રહ્યું છે. રીપેર બોર્ડ તરફથી કેટલુંક રીપેરીંગ કામ થયા છતાં સ્થિતિ સુધરી નથી એટલે ટ્રસ્ટબોર્ડે આશરે છ કરોડ જેટલી રકમ

રીપેરીંગ માટે ખર્ચવી પડે તેમ છે અને જો તે ન કરવામાં આવે તો એ મિલ્કતો મહાડા પોતાના કબજામાં લઈ લે તેવી શક્યતા છે.

અલબત્ત, સભાને એ બાબત પહેલી વખત ખબર પડતી હોવાથી જ્ઞાતિજનોએ તે બાબત અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શું ઉપાય યોજના વિચારે છે તે તેમને પ્રથમ જણાવવા કહ્યું હતું. એ સિવાય માર્ગદર્શન આપવા અસમર્થતા દર્શાવી હતી.

સભામાં અનંતસિધ્ધિના રીડેવલપમેન્ટનો મુદ્દો ઉપસ્થિત થયો ત્યારે ટ્રસ્ટ બોર્ડ વતી ખુલાસો કરવામાં આવ્યો હતો કે ભાડુતો સામાન્ય રીતે અનંતછાયાના ભાડુતોએ ઈચ્છ્યું તેમ રીડેવલપમેન્ટ પછી પૂર્ણ માલિકી હક્ક ઈચ્છતા હોય છે એમ ધારીને અમે અનંતસિધ્ધિના પણ વેચાણની યોજના વિચારી હતી. જોકે, આજની સભાનો મૂડ જોતા અનંતસિધ્ધિના ભાડુતો પોતાને રીડેવલપમેન્ટ પછી પૂર્ણ માલિકી, અનંતનાથ કોમ્પલેક્સમાં છે તેમ અંશત માલિકી કે જેમ છે તેમ ભાડુતી હક્ક જ એ ત્રણ વિકલ્પોમાંથી શું ઈચ્છે છે તે બાબત સ્પષ્ટતા કરે તે બાદ આ અંગે ટ્રસ્ટ બોર્ડ કાંઈક વિચારી શકે અને રીડેવલપમેન્ટની યોજના રજૂ કરી શકે. તેમણે આ સંબંધમાં અનંતસિધ્ધિના ભાડુતો તથા જ્ઞાતિની ઈચ્છાને માન આપવાનું કબૂલ્યું હતું.

કેટલાક વિચારશીલ આગેવાનોએ એવો મુદ્દો પણ ઉપસ્થિત કર્યો હતો કે ટ્રસ્ટની સ્કીમમાં વહીવટ છોડનાર અગાઉનું ટ્રસ્ટ બોર્ડ વહીવટ સંભાળતા વર્તમાન ટ્રસ્ટબોર્ડનું સલાહકાર મંડળ બની જાય તેવા સુધારા-વધારા કરવા જોઈએ.

એકંદરે આ સભા સાથે અનંતનાથ ટ્રસ્ટ અને મુંબઈ મહાજનના ટોચના આગેવાનોએ અપનાવેલ શામ-દામ-દંડ-ભેદની નીતિથી ધાર્યું કરવાના ગતિશાસ્ત્ર (લોજીક) નો અંત આણવાનો તથા સંવાદના ગતિશાસ્ત્ર (લોજીક)ને અવસર આપવાનો તખ્તો ગોઠવાયો જે જ્ઞાતિહિતના કાજે એકતા સાધવાની દિશામાં મહત્ત્વનું વિરાટ કદમ ગણાય.

**- ચંદ્રસેન મોમાયા**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ

બારોઈ, તાલુકા-મુંદ્રા, કચ્છ-૩૭૦૪૨૧

આદરણીય બન્ને ગામવાસીઓ જોગ,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે આપણાં સંયુક્ત મહાજન એવમ્ બન્ને ગામના ટ્રસ્ટબોર્ડની અસાધારણ સામાન્ય સભા પ્રમુખ **શ્રી પિયુષભાઈ ચંદુલાલ ડાઘા**ના પ્રમુખપદ હેઠળ જલગામ મધ્યે **રવિવાર તા. ૫.૫.૧૩**ના રાખવામાં આવેલ છે. આપ સૌને પધારવા નમ્ર વિનંતી છે.

આ સભામાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧) પાછળની સભાનું કાર્યવૃત વાંચી તેની બહાલી આપવી.
૨) ગત પાંચ વર્ષનો સંયુક્ત મહાજન તથા ટ્રસ્ટબોર્ડની કાર્યવાહીનો અહેવાલ, આવક-જાવકની રજુઆત તથા બહાલી.
૩) પ્રતિષ્ઠા મહોત્સવ અને આજ સુધી લખાવેલ અન્ય રકમની બાકી વસુલી બાબત.
૪) ધ્વજા મહોત્સવ અને પર્વ પર્યુષણ ઉજવણી બાબત.
૫) બારોઈ જિનાલયના સાર્ધ શતાબ્દિ ઉત્સવ બાબત.
૬) ગોએરસમા જિનાલયના પરોણાં તરીકે રહેલ પાંચ પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા બાબત.
૭) ગોએરસમા, બારોઈ ગામની ટ્રસ્ટની મિલકતની ખરીદી-વેચાણ એવમ્ બાંધકામ થયેલ બાબત.
૮) મહોત્સવ માટે પધારતા લોકો માટે આવાસ બાબત.
૯) સંયુક્ત મહાજનના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિ અને બન્ને ટ્રસ્ટબોર્ડની આગામી મુદત માટે ચૂંટણી/નિયુક્તિ.
૧૦) આપણા બન્ને ગામના ભાવિ ઉત્કર્ષ માટે ચર્ચા વિચારણા
૧૧) પ્રમુખશ્રીની પરવાનગીથી રજુઆત થતા વિષયો બાબત.

**-: સભાનું સ્થળ :-**
**નિલમ રેસીડેન્ટ્સ (ઉતમભોજ),**
**ચિત્રા ટોકીઝની સામે, જલગામ-૪૨૫૦૦૧.**

તા. **૫.૫.૧૩**ના : **સવારના ૧૦ કલાકથી...**
સાધર્મિક ભક્તિ વ્યવસ્થા રાખેલ છે (૧૧.૩૦ થી ૧.૦૦)

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ**

**શ્રી શ્રેણીક નરશી મોમાયા** (માનદ્ મંત્રી)-09323785320 • **શ્રી ધનપતિ કુંવરજી મોમાયા**-09423185716

ધન્યવાદ સાથે આપની ફરજપૂર્ણ હાજરીના ઈચ્છુક સહઆભારી...

## કુદરત સંગે... સાધનાનો માહોલ... - ગીતા જૈન- 9969110958

મુંબઈગરા માર્ચ મહિનાથી જ મેની ગરમી અંગે વિચારીને પરસેવો પાડતા થઈ જાય છે... ત્યારે આપણને જરૂર એમ થવા લાગે છે કે કુદરતની દૂર જવાથી અને પર્યાવરણ પ્રત્યે દુર્લક્ષ સેવવાથી જ આ કુદરતના ઋતુચક્રનું રૂપ બદલાવા લાગ્યું છે.

દર વર્ષે એપ્રિલ-મેમાં કુદરતની નજીક રહેવાનો, પ્રાકૃતિક સ્થળે રહેવાનો લ્હાવો હું લઈ લઉં છું, અને આ બાબતની પ્રતીતિ અનુભવું છું એવા વાતાવરણમાં મેની ગરમી લાગતી નથી. એ.સી., કૂલર, પંખા જેવા આધુનિક સાધનોના વપરાશની જરૂર પણ લાગતી નથી.

આ વર્ષે એપ્રિલની શરૂઆતમાં જ મુંબઈનું આંગણું કહી શકાય તેવા **ચિંચણી**ના દરિયાકાંઠે યોગ શિબિરાર્થે રહેવાનો યોગ થયો. ત્યાં ચારેબાજુ વૃક્ષાચ્છાદિત વાતાવરણ અને દરિયાકિનારાને લીધે ગરમીની વિષમતા બિલકુલ સહેવી ન પડી.

આખી પૃથ્વી ગરમ થઈ રહી છે પણ જ્યાં હજુ હરિયાળી છે ત્યાં થોડો બચાવ છે. વૃક્ષોને જાળવવાથી વાતાવરણનો કાર્બન ડાયોક્સાઈડ દૂર થઈ ઑક્સિજન પ્રાપ્ત થાય છે. જ્યારથી જંગલોના વિનાશમાં જ આપણે પ્રગતિ અને વિકાસ સમજતા થયા ત્યારથી ખરેખરા અર્થમાં આપણે પ્રકૃતિની અવગણના કરી છે અને તેના ફળ ચાખી રહ્યાં છીએ. ચાખવાનું આટલું કઠીન છે તો આખા થાળનો તો કેવી રીતે સામનો કરીશું?

મુંબઈથી વાહન માર્ગે પહોંચવું હોય તો મુંબઈ-અમદાવાદ હાઈ-વે પર બોઈસર-તારાપુરના માર્ગે ફંટાઈ જવું. બોઈસરથી ચૌદેક કિ.મી. દુર આવેલ આ મહાવીરનગરમાં મુંબઈથી આશરે ૩ કલાકમાં પહોંચી શકાય.

ટ્રેનથી મુંબઈ-અમદાવાદ રૂટ પર બોઈસર અથવા વાણગાંવ રેલ્વે સ્ટેશન પર ઉતરી શેરે-અ-કેબ, બસ અથવા રીક્ષાથી પહોંચી શકાય. વિરારથી શટલ ટ્રેન દ્વારા પણ પહોંચાય.

અઢી-ત્રણ કલાકની મુસાફરી બાદ વાણગાંવ નાકા આવો ત્યારે બસ-રીક્ષા-વાહનોથી ધમધમતા માર્ગ પર મહાવીર નગરનો મોટો સુંદર દરવાજો તમને આકર્ષે, પણ સાથોસાથ એમ થાય કે આવા ધમધમતા માર્ગ પરના આ સ્થાને તે શું શાંતિ હશે? ધૂમાડા ઓકતા વાહનોની પ્રદુષિત હવામાં રહેવાનું?

પણ ના! જેવા દરવાજામાં પ્રવેશ કરો કે મન તરબતર થઈ જાય! અવાજ-ધૂમાડા સઘળું પાછળ છૂટી જાય. ચારે તરફ વૃક્ષોથી ઘેરાયેલા માર્ગ પર ૨૦૦ મીટર ચાલીને કાર્યાલય સુધી પહોંચશો ત્યાં જ મુંબઈથી કરેલ પ્રવાસનો સઘળો થાક વિસરી જશો. અહીં ત્રણ દિવસ રહેવાની અનુમતિ આપવામાં આવે છે. ચારેબાજુ હરિયાળીથી ઘેરાયેલી આ બાર એકરની વાડીમાં ગરમી લાગતી નથી. વાતાવરણ ખૂબ ખુશનુમા છે.

આવાસ-ભોજનની સાદી પણ સુંદર વ્યવસ્થા છે. હસતા મુખે પ્રેમથી ભોજન બનાવતા જશીબેન અને ટીમની રસોઈ સ્વાદિષ્ટ હોય છે. દરિયાકિનારે ટહેલવા જવા માત્ર થોડાં ડગલા ચાલવાની જરૂર રહે છે. વિશાળ દરિયાકાંઠા પર પૂ. ગુરુદેવ શ્રી સંતબાલજીની સુંદર સમાધિ છે. ત્યાં નારિયેળના વૃક્ષોથી ઘેરાયેલ અઢી એકર જમીન છે. જેમાં ઋતુ ઋતુ પ્રમાણે પાક લેવામાં આવે છે. સાધના માટે રહેવા ઈચ્છતા સાધકે માટે મૌનકુટીર બનાવવામાં આવી છે. હાલમાં જૈન સાધ્વીજીઓ ત્યાં સ્થિરવાસ કરી રહ્યા છે.

આ ‘મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર’-ચિંચણીની સ્થાપના ૭ જૂન ૧૯૭૦માં પૂ.મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી કરવામાં આવેલ. ગાંધી વિચારસરણી અનુસાર જીવન વ્યતીત કરનાર મુનિશ્રીની ઈચ્છાથી ઉદ્‌ઘાટન પૂ. રવિશંકર મહારાજે કરેલ. અત્રે મુનિશ્રીએ ૧૪ વર્ષ સ્થિરવાસ (શ્રી રામનો વનવાસ) કરેલ. આ એમની તપોભૂમિ રહી. અત્રે તેમણે સાધના કરેલ. સમગ્ર વાડીનું વાતાવરણ સાત્વિક અને ધર્મમય અનુભવાય છે.

વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા સંચાલિત આ મહાવીરનગરની બારેક એકરની કેળા, પપૈયા, કેરી, જાંબુ, નાળિયેર અને ચીકુ, લીંબુના ઝાડોથી ઘેરાયેલ આ વાડીમાં ૧૯ ગાયો અને ૧૨ વાછરડા ધરાવતી ગૌશાળા છે. દૂધી, રીંગણા, ટમેટા, કોબી, ગુવાર, ભીંડા, મરચાં જેવાં શાકભાજી પણ અત્રે થાય છે. જુવાર, બાજરી, ચોખા, કઠોળની ખેતી થાય છે. પુષ્કળ કાર્ય રહે છે. પૂ.મુનિશ્રીના અંતેવાસી નિયામક શ્રી મણિલાલ બાપુભાઈ પટેલ મોટી ઉંમર સુધી ઉત્સાહપૂર્વક સઘળું સંચાલન કુશળતાથી એમના સાથી કાર્યકરો સાથે કરીને active ageingનું ઉત્તમ પ્રેરક ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું. હાલમાં ૮૫ વયથી ઉપરના મીરાંબેન, વનિતાબેન, પ્રભાબેન, હરજીવનભાઈ, મંજુલાબેન સક્રિયતાથી સંસ્થામાં બીરાજે છે.

અહીં આવનારે સવારે અને સાંજે યોજાતી સર્વ ધર્મ પ્રાર્થનામાં અચૂક ભાગ લેવાનો હોય છે. આ સિવાય કોઈ વિશેષ બંધન નથી. આપ કુદરતને માણો કે ધ્યાન કરો કે વાંચન-મનન કરો. ભ્રમણ કરો કે આરામ કરો કે શ્રમ કરો, કોઈ જાતનું ધર્મ, સંપ્રદાય, વિધિ-વિધાન, કર્મકાંડનું બંધન નથી. ખૂબજ મુક્ત, હળવું એખલાસભર્યું વાતાવરણ છે.

વાંચન માટે સુંદર પુસ્તકો છે. આમ મનને ખોરાક મેળવવાની પણ તક, સાથોસાથ હરિયાળીને લીધે આંખોને-ફેફસાંને આરોગ્ય મળે. આહારમાં ગાયનું શુદ્ધ દૂધ, દહીં, છાશ અને અનાજ, શાકભાજી સર્વે અપ્રદુષિત! વિહાર માટે તો ઉત્તમ દરિયાકિનારો છે જ! આહાર, વિહાર અને મનોવ્યાપારની શુદ્ધતા અને વિકાસની પૂરેપૂરી તક અત્રે મળે છે.

આ વર્ષે તો કેરીઓથી લચેલા વૃક્ષો આપણને

આશ્ચર્યમાં મૂકી દે છે. જાણે દ્રાક્ષના ઝુમખાં હોય તેમ ડઝનબંધ કેરીઓના ઝુમખાં જોયાં-જમીનથી માત્ર ૨-૪ ઈંચ ઉપર લટકતી કેરીથી લઈને ઠેઠ ઉપર અને ચારે તરફ ઘેઘૂર ફેલાયેલા વૃક્ષો કેરીઓથી લચી રહ્યાં છે. વાડીમાં પસાર થતાં અવારનવાર આ કેરીઓ આપણને ઝુકીને સ્પર્શતી હોય! - એક ક્ષણિકા યાદ આવી ગઈ!

*'બાંસ સહજ હી અકડા રહતા, ફલ-યુક્ત આમ્ર*
*અધિક ઝુકતા, વહ સમૂલ કાટા જાતા, યહ સિંચિત હો.*
*સેવા પાતા, સેવા દેતા શોભા લેતા !!'*

સવારના કોઈ સંગીતની જરૂર જ નહીં. પક્ષીઓનો મીઠો કલરવ તમારા મનમાં રહેલો રહ્યોસહ્યો કોલાહલ પણ ઓગાળી દે! બપોરે જમીને દિવસે પણ તડકો ન અનુભવાય એવી ચીકુવાડીમાં માણેલી વામકુક્ષી આજીવનનું સંભારણું બની રહે-કુદરતી એ.સી., સાંજનું વાળું અને ત્યારબાદ સમુદ્ર કિનારે ભ્રમણ અને સુર્યાસ્તની રંગબેરંગી છટા તમને તરોતાજા બનાવી દે!

તન-મનને આહ્‌લાદકતા બક્ષતા આ મહાવીરનગરમાં કવિવર્ય નાનચંદ્રજી વિશ્વવત્સલ આયુર્વેદિક ઔષધાલય, ગાંધી ગોકુળ ગૌશાળા, માનવ રાહત ફંડ, સત્ સાહિત્ય પ્રકાશન, મહાવીર નગર વિકાસ કાર્યાલય, ઓમ મૈયા કુદરતી ઉપચાર કેન્દ્ર વ. પેટા કેન્દ્રો આવેલા છે. અત્રે અવારનવાર પ્રવચનો, નેત્રયજ્ઞો, આરોગ્ય શિબિરો, ધ્યાન શિબિરો, આધ્યાત્મિક શિબિરો, સ્વાધ્યાય શિબિરો, યોગ શિબિરો યોજાતી હોય છે. મુંબઈથી ખૂબ જ નજીકનું આ સ્થળ શિબિરો-કાર્યશાળા યોજવા માટે બધી જ રીતે યોગ્ય અને અનુકૂળ છે.

આજુબાજુના ગામના આદિવાસીઓ માટે અનેક પ્રકારની રાહતની પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થા સામાજિક કાર્યો પણ કરે છે. પ્રવૃત્તિથી ધમધમતી આ વાડીમાં ક્યાંય અવાજ કે ઘોંઘાટ નથી. નિરવતા છે, શાંતિ છે, તાજગી છે, પ્રસન્નતા છે, મનને ભરપૂર ભાથું મળે છે!

આપને ત્યાં જવાનું જરૂર મન થયું હશે પણ યાદ રાખજો હં!- આ પિકનીક સ્પોટ નથી, સાધના સ્થળ છે! મુંબઈની ગરમીમાંથી થોડી રાહત મેળવવા જતાં પહેલાં સંસ્થાની રજા અવશ્ય મેળવી લેજો જેથી આવાસની અડચણથી બચી શકો.

ત્યારે ઉઠાવો ફોન : 02528-242941/242446

... શ્રીમતી શોભાબેન બારીનો ધીમો-મધુર આવકારભર્યો સ્વર સંભળાશે!!


**વિપુલ એસ્ટેટ એજન્સી**

મુલુંડ, ભાંડુપ, નવી મુંબઈ, થાણા અને લોનાવલા કે કચ્છમાં રેસીડેન્સીયલ અને કોમર્સીયલ પ્રોપર્ટીના લે-વેચ અને ભાડેથી કામકાજ માટે સંપર્ક કરો.

| વિપુલ પોલડીયા | લક્ષ્મીચંદ પોલડીયા(લલી) |
|---|---|
| 9833060660 / 9869167172 | 9930008339 / 7567207479 |




## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૨૭)

**- સોમ ધરમશી** (કચ્છ)

***પાણી જંગણા વેં ત ઈતરા કેણાં ન પેં દાખડા,***
***ઈ તાં ગારા જંગે "તેજ" અસીં આરે તેં આયા ઐયું!***

**શબ્દાર્થ :** જંગણા = વલોવવા, દાખડા = માથાકુટ, પાંરા ગારા = કાદવ કિચડ, આરે = કિનારે.

**ભાવાર્થ :** જીવન જીવવાની કે સફળતા પ્રાપ્ત કરવાની ગુરૂચાવી કવિ **તેજ** ઉપરની પંક્તિઓમાં આપણને આપી, જીવનરૂપી રહસ્યોનાં તાળાં ઉઘાડી આપે છે.

જિંદગીના લક્ષ્યો સરળતાથી પ્રાપ્ત થતાં નથી. જિંદગીમાં આરોહ-અવરોહ, ચડ-ઉતર કે સુખ-દુ:ખ આવતાં જ રહે છે. જિંદગીની ગાડી સરળતાથી હાઈ-વે પર દોડતી નથી. રસ્તામાં આવતા અસંખ્ય સ્પીડબ્રેકરોનો સામનો કરવો પડે છે.

કવિ રોજીંદી જિંદગીમાં બનતા પ્રસંગોનું દૃષ્ટાંત આપી ગહન વાતને લાક્ષણિક રીતે રજુ કરે છે. પાણી વલોવવાં હોય તો તે કદાચ સહેલું છે. તેના માટે આંપરાં-પાંપરાં નથી કરવા પડતા પણ કવિ આ જિંદગીને ગારા, એટલે કાદવ કિચડ, ભીની માટી સાથે સરખાવે છે. કિચડ-કાદવમાં ચાલીને આવવું સરળ નથી. માણસ દલદલમાં ફસાય છે ત્યારે તે ઉંડે ને ઉંડે સરકતો જાય છે. કદાચ કોઈ તેને બચાવવા જાય તો તે પણ ખેંચાઈ જાય છે. તેથી ગારાને વલોવવાં સહેલાં નથી.

કવિ જિંદગીનાં લક્ષ્ય પર જે પહોંચી ગયા છે, તેના માટે જે અથાગ પ્રયત્નો, મહેનત કરવા પડ્યા છે તેનો ચિતાર આપે છે.

કિનારા પર પહોંચેલાને જોઈ આપણને લાગે છે કે સરળતાથી તેમણે લક્ષ્ય પ્રાપ્તિ કરેલ છે પણ તેવું નથી. તે માટે ઘણી તડજોડ, માથાકુટ, સંજોગો સાથે સમાધાન કરવું પડે છે. કાદવ કિચડને વલોવવાં પડે છે.

કવિ તેથી વાસ્તવિક્તાનો સ્વીકાર કરી, હિંમત કેળવવાની વાત કરે છે. જીવન વ્યવહારમાં સફળ થવા માટે દક્ષતા ખુબ જરૂરી છે. મુશ્કેલીઓ સામે હારી જનાર માણસ "अतो भ्रष्टः, ततो भ्रष्टः" થઈ જાય છે.

મનુષ્યે જિંદગીમાં વિવેકપૂર્વ બુદ્ધિનો ઉપયોગ કરી અનુભવ અને આવડતથી આ જીવનનૈયાને શ્રધ્ધાનાં હલેસાંથી કિનારા પર લંગારવાની છે.

કાદવ કિચડને વલોવી કિનારા પર આવવું દુર્લભ છે પણ અશક્ય તો નથી જ. આ દુનિયામાં ઠેર ઠેર તેના દાખલા મળે છે. જરૂરત છે આત્મવિશ્વાસ અને હિંમતની. ગુજરાતનાં જાણીતા શાયર **શ્રી જલન માતરી** નો શેર યાદ આવી જાય છે.

***રહસ્યોનાં પડદાઓ ફાડી તો જો***
***ખુદા છે કે નહીં હાક મારી તો જો.***
***ખબર તો પડે મોતીઓ છે કે નહીં***
***સમંદરમાં ડુબકી લગાવી તો જો!***

॥ શ્રી આદિ અનંતનાથાય નમઃ ॥

## પંચગીનીમાં સમગ્ર કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો માટે

## શ્રેષ્ઠીશ્રી લક્ષ્મીચંદ ધારસી મોતા (લાખણીયાવાલા)

પ્રેરીત

# રાજલક્ષ્મી આરોગ્યધામ

પ્લોટ નં. ૪૭૧, પૂના-મહાબળેશ્વર રોડ, Kimi's સ્કૂલની સામે, પંચગીની.



હવાફેરના હીલ સ્ટેશનોમાં પંચગીનીની આબોહવા વિશિષ્ટ - સ્વાસ્થવર્ધક સ્થાન ધરાવે છે, પરંતુ આ સ્થળે મધ્યમ વર્ગના પરિવારો માટે રહેવાની સુવિધા નહીંવત છે. જેને અનુલક્ષીને.... શ્રેષ્ઠીશ્રી લક્ષ્મીચંદ ધારસી મોતાએ પોતાની કિંમતી - વિશાળ જમીનમાં સાધર્મિક જૈનો માટે સંપૂર્ણ અત્યાધુનિક સુવિધાઓ સાથેનું આરોગ્યધામ સ્વ-ખર્ચે નિર્માણ કરેલ છે.

ઉપરોક્ત આરોગ્યધામનું શુભારંભ **યતિવર્ય શ્રી મોતીસાગરજી મહારાજ** દ્વારા શાસ્ત્રોક્ત વિધી સાથે શાંતિસ્નાત્રનું અનુષ્ઠાન **તા. ૧૫-૪-2013** ના સમાજના આગેવાન શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં નિર્ધારિલ છે.

**તા. ૧-૫-2013 થી જ્ઞાતિજનો આરોગ્યધામનો ઉપયોગમાં લઈ શકશે.**

**વધુ માહિતી અને બુકીંગ - મુંબઈ કાર્યાલય**

**લક્ષ્મીચંદ ધારસી મોતા**

કલકત્તાવાલા બિલ્ડીંગ (૨જે માળે), ૧૩૭/૪૧, સેમ્યુઅલ સ્ટ્રીટ, મસ્જીદ બંદર, મુંબઈ - ૯.

ફોન : ૨૩૪૭ ૫૬૧૧ / ૨૩૪૫ ૪૦૯૩

**લિ. રાજલક્ષ્મી આરોગ્યધામ વતી**

**યશ ધીરેન લક્ષ્મીચંદ ધારસી મોતા ના જય જિનેન્દ્ર**

# સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો. પ્ર.સ. દ્વારા ચાલતો આ નિઃશુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે. એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દૃષ્ટિએ એમા વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ ઉમેદવારના પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. **સીધે સીધી માહિતી કોઇને અપાતી નથી.** આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૪૯૨ | ૪૯૩ | ૪૯૪ | ૪૯૫ | ૪૯૬ | ૪૯૭ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | પુરૂષ | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | નાગડા | નાગડા | લોડાયા | દંડ | લોડાયા | દંડ |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | હાલાર | કચ્છ | કચ્છ | હાલાર | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૪.૨.૮૨ | ૩૦.૭.૮૨ | ૨૪.૯.૮૮ | ૧૭.૧૦.૮૫ | ૨૦.૧૧.૮૪ | ૧૪.૧૦.૮૦ |
| ૫ | વય (વર્ષ) | ૩૧ | ૩૦ | ૨૪ | ૨૭ | ૨૮ | ૩૨ |
| ૬ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૧" | ૫'-૬" | ૫'-૦" | ૫'-૯" | ૫'-૯" | ૫'-૧૧" |
| ૭ | વજન (કી.ગ્રા.) | ૭૦ | ૬૬ | ૪૦ | ૬૦ | - | ૬૫ |
| ૮ | વર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ઘઉંવર્ણ | - | ગોરો |
| ૯ | શિક્ષણ/અભ્યાસ | M.Com. M.B.A.(Fin.) | B.Com. | B.Com. | S.S.C. | B.Com./ PG.Dip.(BM) | B.Com. |
| ૧૦ | નોકરી/ધંધો | નોકરી | ધંધો | નોકરી | ધંધો | - | નોકરી |
| ૧૧ | હાલ ગામ | મુંબઈ | મુંબઈ | મુંબઈ | પાચોરા | મુંબઈ | ઈંદોર |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | - | ૨૫૦૦૦ | ૧૧૦૦૦ | ૨૦૦૦૦ | - | ૧૫૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો? | ના | હા | હા | ના | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે? | ના | ના | મંગળ | મંગળ | - | મંગળ |
| ૧૭ | ફોટો મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | કુંડલી મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે | મિલનસાર | મિલનસાર/ સુશીલ | સુશીલ સંસ્કારી | સુશીલ સંસ્કારી | મિલનસાર સંસ્કારી | સુશીલ/સંસ્કારી પરિવારપ્રેમી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | મિલનસાર સરળ સંસ્કારી | સંસ્કારી મિલનસાર | મિલનસાર | મિલનસાર | મિલનસાર સુશિક્ષિત | સુશિક્ષિત મિલનસાર |

આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)

મોકલનાર વાલીનું નામ : ____________ ઉમેદવારનું નામ : ____________

સરનામું : ____________

____________ ફોન : ____________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ____________ સહી : ____________

॥ શ્રી ચંદ્રપ્રભુસ્વામી નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા

**તથા વાડા-વડસર-રામપર-સુખપર-છાડુરા**


ધર્મશાળા ફળિયા, તાલુકા અબડાસા, ગામ-નલીયા, પિન - ૩૭૦૬૫૫ • ફોન : ૦૨૮૩૧-૨૨૨૩૩૭

મુંબઈ એડ્રેસ : C/o. કવિતા કમ્યુનિકેશન, ૪, ચંદ્રા અપાર્ટમેન્ટ, સર્વોદય પાર્શ્વનાથ નગર, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦.


## ચાલો આપણા નલીયા મધે પર્યુષણ પર્વની આરાધના કરવા

**શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ • શ્રી ચંદ્રપ્રભુ અતિથીગૃહના**

સહયોગથી

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલીયા દ્વારા આયોજીત

પંચતિર્થીના મુખ્ય ગામ નલીયામાં પર્યુષણ પર્વની ધર્મઆરાધનામાં સૌને સહભાગી થવાનું મન થાય તેવી અનોખી હોય છે. વતનમાં પર્યુષણ પર્વની આરાધના આપને ધાર્મિક, અધ્યાત્મિક, શાંતી સાથે લાંબો સમય તાજા રહેવા માટે હળવા કરી દેશે.

સૌ ગામવાસીઓને અનુરોધ કરવામાં આવે છે કે હાલે રેલવેનું રિઝર્વેશન ચાર મહિના પહેલા કરવાનું જરૂરી હોવાથી વહેલી તકે પર્યુષણ પર્વ નલીયા મધે કરવાનો નિર્ણય લો અને જરૂરી તૈયારી કરો.

**નલીયા પર્યુષણ કરવા જનારા સૌ ભાવિકો સાથે જઈ આવી શકે તે માટે સાથે રેલ ટિકિટ મેળવવા તથા રેલ ટિકિટ ન મળે તો બસની વૈકલ્પિક વ્યવસ્થા**

નલીયા પર્યુષણ કરવા જનારા સૌ ભાવિકો સાથે કંપની માણતા મુંબઈ-નલીયા જઈ આવી શકે તે માટે સૌની સાથે રેલવેની ટિકિટ મેળવવા માટે અત્યારથી વગદાર રેલ એજન્ટોનો સંપર્ક કરાયો છે. એ બધાની સલાહથી ટિકિટ કાઢવામાં આવશે અને તે છતાં રેલ ટિકિટ ન મળે તો મુલુંડથી બસની વ્યવસ્થા કરવામાં આવશે.

**પ્રવાસ કાર્યક્રમ** : શુક્રવાર તા.૩૦-૮-૨૦૧૩ના મુંબઈ રવાના થઈ, બુધવાર તા. ૧૧-૯-૨૦૧૩ના નલીયાથી પાછા આવવાનું છે.

**પંચતીર્થીના મુખ્ય નલીયા ગામે પર્યુષણ પર્વ આયોજનમાં સુકૃતના ભાગીદાર થવાની અમૂલ્ય યોજના**

નલીયા ગામના ભવ્ય પર્યુષણ આરાધના આયોજનના ખર્ચમાં સૌ ભાવિકો સહભાગી થઈ શકે તે માટે પ્લેટીનમ ગોલ્ડન-સીલ્વર દાતાની યોજના કરવામાં આવી છે.

પ્લેટીનમ દાતા : રૂ.૨૫૦૦૦/- • રૂ.ગોલ્ડન દાતા : રૂ.૧૧૦૦૦ • સીલ્વર દાતા રૂ.૫૦૦૦/-

**વિનામુલ્યે રેલ પ્રવાસનો લાભ લેવા અનુરોધ**

આ વર્ષે તમારા આવા-જવાના ખર્ચની વ્યવસ્થા નીચેના ભાગ્યશાળીઓ પરિવારોએ લીધેલ છે.

**માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ પુનશી નાગડા પરિવાર હસ્તે સમીર નાગડા તથા માતુશ્રી લક્ષ્મીબેન વિસનજી હીરજી છેડા પરિવાર**

ટિકિટ કઢાવવા માટે રૂ.૧૦૦૦/-ની ડિપોઝીટ તરીકે આપવાની રહેશે અને તે નલીયા પહોંચ્યેથી ડિપોઝીટ પરત કરવામાં આવશે. આપના નામ તેમજ યોગ્ય ટ્રાવેલીંગ પ્રુફની ઝેરોક્સ કોપી નીચેના કોઈપણ કાર્યકર્તાઓને ગુરૂવાર તા.૨૫ એપ્રિલ સુધી પહોંચાડવા નમ્ર વિનંતી.

**કલ્યાણજી ચાંપશી છેડા - 9892196425 • ભાગચંદ હિરજી પટેલ - 9757116593**

**હેમંત શામજી મોતા - 9370710891 • હીના એમ. લોડાયા - 9820318345**

**પૂર્વી પિનાકીન છેડા - 9920328602 • ચેતન લહેરચંદ નાગડા - 982010507**

**પ્રગ્નેશ હિરાચંદ નાગડા - 9820254737 • મણીલાલ ખીમજી લોડાયા - 9821175847**

*લિ. : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલીયા વતી ટ્રસ્ટીગણ*

# જૈન ધર્મની વિશિષ્ટતાઓ

દુનિયામાં સૌથી વિશેષ ધર્મોનું અસ્તિત્વ ધરાવનાર કોઈ દેશ હોય તો તે ભારતવર્ષ છે. અનેકવિધ ધર્મો, રૂઢિઓ અને પ્રણાલિકાઓ આ દેશમાંજ પ્રવર્તતી દેખાય છે. જેમાં આપણો નાનો શો જૈન સંપ્રદાય પણ એક છે. એક સમયે ભારતવર્ષમાં સમુજ્જવળ અને સુવિખ્યાત ધર્મ તરીકે પ્રવર્તનાર જૈન ધર્મની શક્તિ અને સામર્થ્ય આજે પ્રક્ષીણ થયેલાં દેખાય છે; છતાંયે જૈન ધર્મના ગૌરવાંકિત ઈતિહાસમાં અનેક વિશિષ્ટતાઓ ભરી પડી છે જૈન ધર્મ અનેકરીતે બીજા આર્ય ધર્મોથી નિરાળો છે.

સૌથી પ્રથમ જોશું તો મહાભારતમાં શ્રી કૃષ્ણનો જન્મ, આ જગતમાં અધર્મ ફેલાઈ જતાંતેને નષ્ટ કરવા થયો હતો. અને શ્રી કૃષ્ણ ભગવાન પ્રભુનાજ અવતાર હતા. અને પોતાની માયાથી જગતને દિવ્ય બોધ આપવા શ્રી કૃષ્ણરૂપે અવતર્યા હતા એવું વર્ણવેલું છે. શ્રી રામચન્દ્ર માટે પણ રામાયણમાં સર્વત્ર એવું જ નિર્દિષ્ટ થયેલું છે. જ્યારે જૈન ધર્મે કદાપિ એવો દાવો નથી કર્યો કે તીર્થંકરો ભગવાનના અંશરૂપ કે અવતારરૂપ છે. ભગવાન રૂષભદેવ પુનઃ પાર્શ્વનાથ કે મહાવીર રૂપે અવતર્યા હોય એવું નથી એટલે એ એક વિશિષ્ટતાજ છે.

રામાયણ, મહાભારત કે જૈન ધર્મચારિત્રો જોશું તો એમાંયે જૈન સાહિત્ય ઉચ્ચતર જણાશે. વળી ખાસ કરીને રામાયણ અને મહાભારતના સમય વચ્ચે બહુ મોટો તફાવત જણાતો નથી કારણ કે પરશુરામજી નામના વખતમાં હતા તેજ પાછા ભીષ્મજી સાથે યુદ્ધ લડ્યા હતા. હનુમાન અને ભીમનો ભેટો થયો હતો એટલે એ બે વચ્ચે બહુ વરસોનું અંતર હોવું અસંભવનીય છે. એ રીતે જોશું તો કૃષ્ણના સમયમાં શ્રી નેમનાથ ભગવાન હતા, એટલે રૂષભદેવ ભગવાનને આપણા પહેલા તીર્થંકર તરીકે ગણતાં અનાદિ કાળથી જ જૈન ધર્મનું અસ્તિત્વ છે એમ જણાય છે.

હવે બીજી રીતે જોશું તો રામાયણ, મહાભારતમાં સર્વત્ર રાક્ષસી લીલામાયાઓ, ઋષિઓના શ્રાપ, દેવઈન્દ્રાદિના વરદાનો અને પૂર્વજોના આશિર્વાદો એવી વાતો વારંવાર જુદાજુદા સ્વરૂપે રજૂ થયેલી દેખાશે જ્યારે જૈન ધર્મમાં એ જૂજ પ્રમાણમાં દેખાશે.

પૃથ્વી પર વધી ગયેલા અધર્મને ટાળવા પ્રભુ પોતેજ અવતાર લે એ વાત એક રીતે અસંગત લાગે છે. કારણ કે ધર્મ કહે છે કે કુદરતી શક્તિ આપમેળે પોતાનું કાર્ય કરે જાય છે. ધર્મ-અધર્મને શુભ અશુભ કર્મોનો બદલો આપવાનું કામ પણ તેના દ્વારા નિર્ણીત છે, તો પ્રભુ પોતેજ અવતાર લે એતો કેમ માની શકાય? અલબત્તા સમયાનુસાર કોઈને કોઈ યુગપુરુષ અવતરે જેમાં વિશિષ્ટ શક્તિઓ હોય; પણ તે ભગવાનજ અવતરે એ વિસંવાદી લાગે છે. વળી કેટલાક ગ્રંથોમાં આપ્યા મુજબ જો એ અવતાર લેનાર ખુદ ભગવાનજ હોય તો અમુક કાર્યો અંગે તેમના એ પ્રભુત્વના અંશનું વિલોપન થતું પણ દૃષ્ટિએ પડે છે તે ન થાય જેમ કે મારીચ, મૃગલાના રૂપમાં આવે છે ત્યારે શ્રીરામ સીતાના દુરાગ્રહથી તેને મારવા જાય છે. શું પ્રભુને એ રાક્ષસ છે એની ખબર પડી નહીં? માનવાને ખાતર માનીએ કે ખબર નહોતી તો શું પ્રભુ મૃગલા જેવા નિર્દોષ જાનવરને રંજાડવા આ પૃથ્વી પર આવે?

વાલીના વધ માટે સુગ્રીવને લડવા મોકલી ઝાડ પાછળ સંતાઈને બાણથી વાલીને વીંધી નાખવામાં શ્રી રામે કઈ પ્રકારની પ્રભુતા બતાવી? અલબત એક અધર્મીને મારી નાખી પોતાની ફરજ શ્રી રામે બજાવી પણ પ્રભુ જેવા પ્રભુને આમ છળકપટ રમવાની શી જરૂર પડે?

સર્વજ્ઞ છતાં લોકલાજે સીતાનો પરિત્યાગ કરનાર પ્રભુની પ્રભુતા માટે શી માનબુદ્ધિ ઉત્પન્ન થાય?

એવી જ રીતે શ્રી કૃષ્ણની અનેક વાતો લીલાઓથી ભરપુર છે યુદ્ધમાં ભાગ ન લેવાની પ્રતિજ્ઞા છતાં ભીષ્મ પર ચક્ર છોડવા તત્પર થવું એમાં ક્યાં ન્યાયપ્રીયતા હતી? સંખ્યાબંધ રાણીઓ ધરાવનાર ભગવાન! જગતને કામ, લોભ, મોહ માયાના ક્યા બોધપાઠ આપવા અવતાર લે? અર્જુનની જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા પોતાના ચક્રનો ફરી ઉપયોગ કરી સૂર્ય ઢાંકવામાં પ્રભુનું એકપક્ષીપણું ન હોતું? અશ્વત્થામા દ્વારા છોડાયેલા નારાયણ શસ્ત્રને નિષ્ફળ કરવા પાંડવોને અપાયેલી સલાહ જેટલી ઉપકારી નિવડી તેટલીજ ધર્મરાજ યુધિષ્ઠિરને દ્રોણાચાર્યના અંત માટે દ્વિઅર્થી બોલ વદવાની દોરવણી આપનાર શ્રી કૃષ્ણમાં આપણે શી દિવ્યતા કે પરોપકારિતા જોઈએ? જો કે ગ્રંથોમાં આ બધી વાતો તો પ્રભુની લીલા માત્રજ હતી એમ વર્ણવી પ્રભુના દોષ! ઢાંકવા પ્રયાસ થયો છે.

પ્રભુ ઉપરાંત બીજા ચરિત્ર નાયકો જેવા કે અર્જુન જેવા ધનુર્ધારી ને કૃષ્ણના ખાસ સખાની વાત લઈએ. અર્જુને યુધિષ્ઠિર દ્રોપદીના એકાંત સંવનન વેળા ગૌરક્ષણ માટે હથિયાર લેવા તે સ્થાને જતાં નિયમભંગ થવાથી બાર વરસ વનવાસે જવું પડયું તેમાં તેને શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનું હતું છતાં તેણે વનવાસ દરમ્યાન નાગકન્યા ઉલુપી, ચિત્રાંગના અમને શ્રી કૃષ્ણ ભગિની સુભદ્રા સાથે લગ્ન કર્યા હતા જેમાં ચિત્રાંગદાને બભ્રૃવાહન નામે કુમાર ઉત્પન્ન થયો હતો. આ વસ્તુ અર્જુન જેવા વીરપુરૂષની અચળતા વિષે શંકા ઉત્પન્ન કરે છે અને

સુભદ્રાહરણ વખતે શ્રી કૃષ્ણનો આંતરિક સહકાર હતો જ્યારે એજ સમય દરમ્યાન થઈ ગયેલા નળ દમયંતી અંગે એક પ્રસંગે આવે છે કે વનમાં ચાલી નીકળેલા નળ દમયંતી બન્નેને ક્ષુધા લાગતા નળ પોતાના વસ્ત્રનો ઉપયોગ પક્ષીઓને પકડવા કરતાં તે ઉડી જવાથી મૂંઝાઈ બેસે છે. શું આવી રીતે ઉત્તમ પુરુષો ખગભક્ષીય હોય ખરા? અને હોય તો તે ઉત્તમ કહેવાય ખરા?

ક્ષત્રીય શ્રેષ્ઠ કર્ણ પણ પરશુરામજી પાસેથી કપટકળાથી શસ્ત્રવિદ્યામાં પારંગત બન્યો હતો. કુંતીનું અનુષ્ઠાપણે સુર્યથી ગર્ભાધાન કરી જન્મેલા કર્ણનો ત્યાગ કરી દેવાનું કૃત્ય ઉચિત તો શી રીતેજ કહેવાય. વળી પાંચ પતિની પત્ની તરીકે પાંચાલી સતી ભલે કહેવાય છતાંયે આર્ય સંસ્કૃતિની દૃષ્ટિએ અસંગત નથી લાગતું?

સાત્યકિએ નિશસ્ત્ર ભુરિશ્રવાનું ડોકું કાપી જે અધમતા પાંડવ પક્ષમાં બતાવી હતી તે કોણ ભૂલી શકે ને દ્રોણાચાર્યે અર્જુનની ખાતર એકલવ્યનો અંગુઠો (જમણા હાથનો) ગુરુદક્ષિણારૂપે છીનવી લઈ અન્યાય નહોતો કર્યો?

આવી અનેક વાતો રામાયણ, મહાભારતમાંથી મળી આવે એમ છે, જ્યારે જૈન સાહિત્યમાં એવી અસંગત વાતોને સ્થાન નથી. જરૂર માનવી રૂપે અવતરી આવા કાર્યો કરે હળવે હળવે ઉર્દવગામી બની અનંત કક્ષામાં જઈ વિરામે પણ અનંત કક્ષામાંથી પાછો માનવકક્ષામાં અવતાર લે એવો જૈન ધર્મમત નથી. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એજ ઉચિત લાગે છે.

ખરી રીતે જોઈશું તો બધા ધર્મોનું તાત્પર્ય એક જ છે પણ કોઈએ જુદા તત્ત્વને મુખ્યતઃ આ પ્રધાનપણું આપ્યું છે. જૈનો અહિંસા પરમોધર્મ માને, તો કોઈ સંયમને વિશેષ મહત્વ આપે. કોઈ સત્ય તો કોઈ અસ્તેયયને છતાંય મુખ્યત્વે ધર્માચરણોમાં પ્રત્યેક નિયમો અને તત્ત્વો શુદ્ધ રીતે પાળવાની જરૂર છે. આજ સુધી અહિંસાનો સિદ્ધાંત સર્વોત્કૃષ્ટતાથી અપનાવી શક્યું હોય તો તે જૈન ધર્મ છે. એના ઈતિહાસમાં કોઈ તીર્થંકરે બીજાના સંહાર કર્યાનું નથી. શ્રીરામે રાવણને શ્રી કૃષ્ણે કંસને માર્યો પણ મહાવીર, નેમનાથ કે પાર્શ્વકુમારે કોઈનો સંહાર કર્યા વિનાજ લાખો અનુયાયીઓ બનાવી શક્યા છે.

શ્રી નેમનાથમાં એટલું સામર્થ્ય હતું કે શ્રી કૃષ્ણ જેવાને પણ તેમના આગળ છક્કડ ખાવી પડી. શ્રી પાર્શ્વનાથે નાગ-નાગણીને બચાવવા અમૂલ્ય જ્ઞાનનો ઉપયોગ કર્યો, શ્રી નેમનાથે રાજુલ કરતાં સંયમને વહાલું ગણ્યું; ગૌતમે રાજ્ય, સ્ત્રી બાળકોનો ત્યાગ કર્યો. મહાવીરે ભર યુવાવસ્થાએ દિક્ષા લીધી આ બધા અપૂર્વ ત્યાગ ભાવનાના અનન્ય દૃષ્ટાંતો છે.

માત્ર સંયમ અને અહિંસાના બળે અનેકોના હૃદયમાં ધર્મનો પ્રચાર રેડનાર, માયાવી લીલાઓથી અલિપ્ત રહેનાર અને લોકકલ્યાણના કાર્યોમાં લીન રહેનાર અને ધર્મ સાધનાના માટે સેંકડો સંકટ સહેનાર મહાવિભૂતિઓ જૈન ધર્મમાંથી જ મળી આવે છે. રોહિણેય જેવા ચોરને તો મહાવીર સ્વામી જેવાનુંજ મૌખિક પ્રવચન પીગળવી શકે; એને દબાવવા હિંસાની જરૂર નહોતી પડી ચંડકૌશિક જેવા વિષધર ભુજંગને નિર્ભયતાથી મહાવીરજ પ્રબોધી શકે. મેઘરાજના પ્રલયકારી તાંડવને પાર્શ્વનાથ જેવાજ સહિષ્ણુતાપૂર્વક ન ગણકારે. સતી ચંદનબાળા મૃગાવતી, સલસા, સુભદ્રાના શીલગુણ, જ્ઞાનને ધર્મભાવના જેવી સુચરિત સતીઓ બીજે ક્યાં ઓછી જ સાંપડે.

બીજા ધર્મ કે પંથોમાં ઋષિઓની પત્નીઓ હોવાનું જોવામાં આવે છે જેમકે કશ્યપની કદ્રુ અને વિનતા, મહર્ષિ વિશિષ્ટની અરૂંધતી, અગત્સ્યની લોપામુદ્રા, જમદગ્નિની રેણુકા અને ચ્યવનની સુકન્યા નામે પત્નીઓ હતી. જ્યારે જૈનોમાં સંસારત્યાગીને સ્ત્રીઓ પણ વર્જ્ય હોઈ ઈન્દ્રીય નિગ્રહમાં દૃઢ અને સંયમશીલ બતાવેલા છે.

સ્વાધ્યાયની દૃષ્ટિએ પણ જૈન સામાયિક અને ક્રિયા વિધીઓની સર્વોચ્ચતા માટે અભિમાન લઈ શકાય. ઉપવાસ, પર્વ અને નિયમ મર્યાદા માટે જૈન ધર્મની જે પરિસમા છે તે ખરેખર અનન્ય, આવકારદાયી અને અનુકરણીય છે.

બીજા ઋષિમુનિઓ અંગે જણાય છે કે તેઓ એકજ સ્થાને પર્ણકુટિ બાંધી રહેતા જ્યારે આપણા આચાર્યો હંમેશા ઘૂમતા ફરી વિહાર કરવા સાથે તામસી, રાજસી, કંદમૂળાદિ ભોજનને વર્જય રાખી ખાવાપીવામાં પણ નિયમબધ્ધ હતા.

નાત જાતના ભેદભાવ વિના ગુણોની પુજા જૈન ધર્મે કરી છે જે મેતારજ મુનિ અને હરિબળ માછીના ઉદાહરણ પરથી મળી આવે છે.

ધર્મ કોઈ ધર્મને વખોડતો નથી તેમ પોતે સનાતન હોવાનો દાવો કરતો નથી. એવો દાવો તો મનુષ્યરૂપે રહેલા અનુયાયીઓ દ્વારા જ થતો હોય છે. મનુષ્યે ઉત્પન્ન યા નિર્માણ કરેલા ઈતિહાસમાં ત્રુટિઓ રહેવાનો સંપૂર્ણ સંભવ છે. એટલે જ એક બીજા ધર્મો પ્રત્યે વિખવાદના છાંટા અવારનવાર ઉડાડાય છે. જેથી ધર્મની અહિંસાની ઘણીવાર અનુચિત રીતે ઉપાહાસરૂપ ઠેકડી પણ ઉડાડાય છે.


**સચ્ચાઈ માતાય નમઃ**

ગામ **નલીયા**માં ખોના ફળિયામાં આવેલ **ખોના ગોત્ર**ના કુળદેવી સચ્ચાઈમાને નમતા ભાવિકોની પહેડી સ્થાનિકે અષાઢ સુદ બીજ તા. **૧૦.૭.૨૦૧૩**ના સવારના રાખવામાં આવેલ છે. તો નમતા ભાવિકોને પહેડી-પ્રસાદનો લાભ લેવા વિનંતી. ફોન : 9619493472

# શ્રી કચ્છ સુજાપુર અજિતનાથજી જૈન દેરાસર અને મહાજન

## ધ્વજા મહોત્સવની ઝલક : તા. ૧૫.૨.૨૦૧૩ થી ૧૬.૨.૧૩

સુજાપુર તીર્થે દેવ-ગુરૂની અસીમ કૃપાએ સર્વે ગામવાસીઓએ મળીને

ઉલ્લાસ-ઉમંગે ઉજવ્યો ધ્વજા મહોત્સવ

- ધ્વજા મહોત્સવ પ્રસંગે તા. ૧૫.૨.૧૩ શુક્રવારના સુજાપર ગામની શાળામાં વિવિધ હરિફાઈઓનું આયોજન થયું આ સ્પર્ધાઓના ઈનામ વિતરણ દાતા **શ્રીમતી નૈનાબેન લેરીન ખોના પરિવાર** (પવઈ)
- તા. ૧૫.૨.૧૩ના બપોર બાદ અઢાર અભિષેકમાં અઢાર પરિવારોએ વિવિધ અભિષેકનો લાભ લીધેલ.
- અઢાર અભિષેકનાં દિવસે **માતુશ્રી મણીબાઈ વર્ધમાન ખોના પરિવાર** (પવઈ) તરફથી છાત્રોને લોંગબુકની પ્રભાવના થઈ. આ અનુષ્ઠાનમાં ૧૮ પરિવારોએ લાભ લીધેલ.
- બે દિવસીય સાધર્મિક ભક્તિ તથા ગામજમણનો લાભ લેનાર દાતા **શ્રી જેતશી જીવરાજ છેડા પરિવાર** (સુજાપર)
- સુજાપુર ગામની શાળાના બાળકો માટે રમત ગમતના સાધનોના દાતા **શ્રી ભાવિક હંસકુમાર લક્ષ્મીચંદ છેડા (ભાંડુપ) પરિવાર**
- સુજાપુર ગામની શાળાના બાળકોને એક દિવસીય પ્રવાસ યાત્રા કરાવનાર દાતા **શ્રી જયમન લેરીન વર્ધમાન ખોના પરિવાર (પવઈ)**
- આંગીના રચયિતા : **ભૂઈમાં કાન્તાબેન હિરાલાલ પાલાણી (કોઠારા-મુલુંડ)**
- કુમારપાળ મહારાજાની ૧૦૮ દિવાની આરતીનો લાભ લેનાર દાતા **ચિ. ખુશ ભાવિક હંસકુમાર છેડા (ભાંડુપ)**
- શાંતિ કળશનો લાભ લેનાર દાતા **માતુશ્રી ઝવેરબેન વિશનજી છેડા**- હ. પ્રવિણભાઈ વિશનજી છેડા (ભાંડુપ)
- ધ્વજારોહણનો લાભ લેનાર દાતા **માતુશ્રી પ્રેમીલાબેન લક્ષ્મીચંદ વિશનજી છેડા પરિવાર (ભાંડુપ)**
- રસોડાના ભાવતા ભોજનની વ્યવસ્થા સંભાળનાર : માંડવીના શ્રી બબા મારાજ તથા લાઈટ ડેકોરેશન-મંડપના શ્રી અનિલભાઈ ઉસ્તિયાવાળા
- વિધિ-વિધાન કરાવનાર શ્રી કેવલભાઈ સાવલાના સાથી ગૌરાંગભાઈ-ગુણવંતભાઈ તથા સંગીતકાર શ્રી ઈરફાન મીર અને મંડળી (માંડવી)

### વાર્ષિક અષ્ટપ્રકારી પૂજાના લાભાર્થી પરિવાર (તા. ૧૬.૨.૧૩ થી આવતી ધ્વજા તા. ૫.૨.૧૪ સુધી)

- **શ્રી સુંદરજીભાઈ મુરજી નાગડા**-પવઈ (શુદ્ધિકરણ)
- **માતુશ્રી જયાબેન સુંદરજી નાગડા** (સણોસરા-પવઈ) ચંદન-કેશર
- **માતુશ્રી પ્રભાબેન ડુંગરશી મૈશેરી** (સુથરી-મુલુંડ) ઘી
- **માતુશ્રી દેવકાબેન ડુંગરશી મૈશેરી** (જખૌ-ઘાટકોપર) મોરપિંછ
- **માતુશ્રી ભચીબાઈ મણીશંકર ગોર** (હ. વૈભવ ભરત ગોર) સુજાપર-દુધ
- **માતુશ્રી મમુબાઈ વશનજી ભવાનજી શાહ** (સુજાપુર-માટુંગા) પુષ્પ
- **માતુશ્રી દયમંતી સોમચંદ જેતશી છેડા** (સુજાપરુડોંબીવલી) અંગલુછણા
- **માતુશ્રી ઝવેરબેન વિશનજી છેડા** (સુજાપર-ભાંડુપ) જલ
- **શ્રીમતી દક્ષાબેન હંસકુમાર લક્ષ્મીચંદ છેડા** (સુજાપુર-ભાંડુપ) ધૂપ
- **માતુશ્રી મણીબાઈ વર્ધમાન ખોના** (સુજાપુર-પવઈ) વાક્ષશેપ

**સળંગ ૧૩૬ વર્ષ પૌરાણિક તિર્થ સુજાપરમાં દાદાશ્રી અજીતનાથના દરબારે વિવિધ આયોજનો અને પુનઃ પ્રતિષ્ઠા પછી સળંગ વિવિધ અનુષ્ઠાનોમાં ભાગ લેનાર ભાગ્યશાળી**

### મુખ્ય દાતા પરિવારો

**શ્રી લેરીન વર્ધમાન ખોના, શ્રી હિરાચંદ વશનજી શાહ, શ્રી હંસકુમાર લક્ષ્મીચંદ છેડા, શ્રી જેતશી જીવરાજ છેડા, શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા**

***ખાસ નોંધ : આવતા વર્ષની ધ્વજાની (વસંતપંચમી-મહા સુદ ૬) તા. ૪ અને ૫ ફેબ્રુઆરી ૨૦૧૪ના છે.***

સર્વે દાતા-લાભાર્થી પરિવારોનો આભાર-અનુમોદના, આગામી ધ્વજાપ્રસંગે પધારવા સૌને આમંત્રણ છે.

**સુજાપર મહાજન અને ટ્રસ્ટવતી**

**સર્વશ્રી હીરાચંદ વી. શાહ, કાંતિલાલ એસ. ખોના, લેરીન વી. શાહ, હંસકુમાર એલ. છેડા, જીતેન્દ્ર એસ. છેડા**

॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

# શ્રી વારાપધર કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

ના ઉપક્રમે

## શ્રી વારાપધર જૈન યુવક મંડળ દ્વારા

## માદરેવતન, અબડાસાની નૂતન પંચતીર્થી વા.વા.લા.પ.રા. પૈકીના વારાપધર નગરે પર્યુષણ મહાપર્વની ઉજવણી પ્રસંગે ભાવભર્યું આમંત્રણ

**આદીનાથ દાદાના સાનિધ્યમાં વારાપધર નગરે...**

**દર વર્ષની જેમ આ વર્ષે પણ માદરેવતન પર્યુષણપર્વની હર્ષભેર ઉજવણી કરવા આપ સર્વે ગામવાસીઓ તેમજ નિયાણી બહેનોને સહપરિવાર પધારવા સ્નેહ નીતરતું આમંત્રણ પાઠવીએ છીએ.**

**મુંબઈથી પ્રસ્થાન**

તા. ૩૧-૮-૨૦૧૩ ના સયાજીનગર એક્સપ્રેસ દ્વારા બપોરે ૨.૫૦ કલાકે બાંદ્રા ટર્મિનસથી

**કચ્છથી પ્રસ્થાન**

તા. ૧૧-૯-૨૦૧૩ ના કચ્છ એક્સપ્રેસ દ્વારા રાત્રે ૬.૫૦ કલાકે ભુજથી

મુંબઈ - વારાપધર - મુંબઈનો નકરો પ્રતિવ્યક્તિ રૂા. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) તથા આવવા અથવા જવાની પ્રતિવ્યક્તિનો નકરો રૂા. ૫૦૦/- (નોન રીફંડેબલ) રાખવામાં આવેલ છે.

**નામ નોંધાવવાની છેલ્લી તારીખ : તા. ૨૫-૪-2013**

**મહાપર્વ દરમ્યાન રહેવાની વ્યવસ્થા સમુહમાં કરવામાં આવશે તથા સાધર્મિક ભક્તિ મહાજનના રસોડે રહેશે.**

**સાધર્મિક ભક્તિના નકરા**

| નવકારશી | બપોરનું જમણ | બપોરની ચા | ચૌવિહાર |
|---|---|---|---|
| રૂા. ૨૫૦૧/- | રૂા. ૫૦૦૧/- | રૂા. ૧૦૦૧/- | રૂા. ૪૦૦૧/- |

**સંપૂર્ણ દિવસની મીતી : રૂા. ૧૨,૫૦૧/-**

ઉપરોક્ત નકરાઓમાં એકથી વધારે નામ આવકાર્ય, લાભ લેવા વિનંતી.

**વધુ માહિતી માટે સંપર્ક**

શ્રી કુસુમકાંત કુંવરજી લાલકા ૯૩૨૩૯૬૧૬૧૭

શ્રી નીતેશ દિનેશ લોડાયા ૯૩૨૩૯૯૩૨૮૨

Email : varapaddhar.jainyuvakmandal@gmail.com Facebook : varapadharjainyuvakmandal

**આગામી કાર્યક્રમ :**

સપ્ટેમ્બર/ઓક્ટોબર દરમ્યાન મુંબઈ આસપાસ એક દિવસીય ચૈત્ય પરિપાટીનું આયોજન

મુંબઈમાં ગામધણી ઓલિયા શ્રી વારાપીરની સમુહ પહેડીનું આયોજન જાન્યુઆરી ૨૦૧૪.

॥ માતૃ-પિતૃ દેવો ભવ : ॥

# ભૂરી ભૂરી અનુમોદના

સંસારમાં માતાનું સ્થાન સર્વોપરી છે. સંસારના બધાય ઋણ ચુકતે થઈ શકે છે પરંતુ માતાનું ઋણ ચુકવવું અશક્ય છે. સ્વયં પરમાત્માએ પણ આ વાતને સ્વીકારી છે, કારણ સંસારમાં આવવા માતાની કુખેથી જ જન્મ લેવો પડે છે. આજના આ સમયમાં માતાની અંતરની ઈચ્છાને પારખી **માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર** (મોટી ખાવડી-ઘાટકોપર) ના સુપુત્રોએ તેમની લાગણીને યોગ્ય ન્યાય આપવાનો સંકલ્પ કર્યો. તેના અમલ સ્વરૂપે બંને પક્ષના વડીલજનો માટે ત્રિદિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કર્યું અને તા. **૫-૬-૭ એપ્રિલ ૨૦૧૩**ના **કુંભોજગિરિ તીર્થ** (કોલ્હાપુર નજીક) યાત્રા પ્રવાસનું આયોજન સફળતાપૂર્વક પાર પાડ્યું. એમના સુકૃત કાર્ય બદલ તેમના ચારેય સુપુત્રો તથા પુત્રવધુઓને અંતરની લાગણીઓથી અભિનંદન આપીએ છીએ. તેઓનું કાર્ય બીજાઓ માટે દીવાદાંડીરૂપ તથા પ્રેરક બની રહે અને તેમના પરિવારને હંમેશા તન-મન-ધનથી સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય એજ અમારા પરિવારની અંતરની અભિલાષા અને શુભકામના...

-: અનુમોદના :-

**માતુશ્રી જયાબેન પુનશી લખમશી માલદે સહપરિવાર** (દલતુંગી-મુલુંડ)

**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ,**
**શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર દ્વારા**



## મેડીકલ કેમ્પ

(કેમ્પમાં ખાસ રાજકોટથી ડૉ. રાજેશ ઠક્કર સેવા આપવા પધારશે.)

**હાડકાના દર્દીઓ માટે**

ઘુંટણનો દુખાવો, સાઈટીકા, કમર,
ખભાનો દુખાવો, પગના તળીયા પેનીનો દુખાવો.

શુકવાર, તા. ૨૬/૦૪/૨૦૧૩
સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ક.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : અજય શાહ - ૯૮૯૨૩૭૨૭૭૭
સ્થળ : શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા જૈન ભવન,
આદેશ્વર દાદા દેરાસરની પાછળ, ૧૦ મો રોડ, ચેમ્બુર.

ખાસ નોંધ : કેમ્પનો લાભ લેવા રજીસ્ટ્રેશન ફોન પર કરાવવું જરૂરી છે.
કેમ્પમાં પહોંચ્યા પછી રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ભરવાના રહેશે.

કિડની ડાયાલીસીસના દર્દીઓ માટે તા. ૨૭ અને ૨૮ એપ્રિલ ના રોજ
શ્રી ચેમ્બૂર જૈન મેડીકલ રિલીફ સેન્ટર ખાતે રાબેતા મુજબ રહેશે.

**સર્વે જ્ઞાતિજનોને કેમ્પનો લાભ લેવા અનુરોધ.**

॥ શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ ॥ ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

**"શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદા"ની**

**ચતુર્થ પહેડી**

**શ્રી લાલા-સાંધવ દંડ પરિવાર**ના સર્વે ભાવિકોને તેમજ સર્વે નિયાણી બહેનોને સહ પરિવાર પહેડી-પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ

-: સ્થાન :-

**જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ**
**એ.સી. હોલ, અનંતસિધ્ધિ, ભાંડુપ (વે), મુંબઈ**

**તા. ૧.૫.૨૦૧૩ બુધવાર**
સમય : **સવારના ૯ થી ૨**
મંગલ આરતી : **૧૨.૩૯ કલાકે**

-: દર્શનાભિલાષી :-

**શ્રી શામજી નરશી દંડ**-પ્રમુખ
**શ્રી સૂર્યકાંત હીરજી દંડ**-ઉપપ્રમુખ

-: પહેડી પ્રણેતા અને સ્થાપક :-

**શ્રી નવીન હીરજી દંડ** **શ્રી હિરાચંદ નરશી દંડ**

જય શ્રી સચ્ચાઈ મા જયશ્રી દેશરમા

શુભ ॥ અનંત ચૌવિશી જિન નમોઃ ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમલાબેન મગનલાલ ભેદા પરિવાર)**


૩-૪-૨૧૫/એ, આર.કે. કોમ્પલેક્ષ, બેંક ઓફ ઈંડિયાની ઉપર, કાચીગુડા, હૈદરાબાદ-૪૦૦૦૨૭

ફોન : (040) 66362545, 27562545

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** - 09246532545

પ્રચાર સંયોજક : **રિદ્ધિશ રમેશ જાગીરદાર** - 09899988999


દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થયાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- માત્ર છે.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના નિયમીત આયોજન સાથે શ્રી સંઘ સમક્ષ અનેક નાની મોટી તીર્થયાત્રાનો આયોજન કરવાનું લક્ષ્ય છે. એના અનુસંધાનમાં VISION 12-12-12 હેઠળ ડિસેમ્બર ૨૦૧૨માં શ્રી સમેત શીખરજી મહાતીર્થ યાત્રાનો સફળ આયોજન થયેલ.

૨૬ માર્ચ ૨૦૧૩ ધુળેટીના દિવસે આદોની પાસેના પેદતૂમ્પબલમ તીર્થ યાત્રાળુ સફળતાપૂર્વક પરીપૂર્ણ થયેલ. ૩૦ જુન ૨૦૧૩ના શ્રી ભાંડકજી તીર્થ યાત્રા નિર્ધારીત થયેલ છે.

વિશેષમાં રાજસ્થાન તીર્થ યાત્રાનો આયોજન જાન્યુઆરી ૨૦૧૪માં રાખેલ છે. તા. ૧૫ જાન્યુઆરી ૨૦૧૪ થી ૨૭ જાન્યુઆરી ૨૦૧૪ સુધી ઉપરોક્ત યાત્રાના આયોજન રહેશે. નકરો વ્યક્તિ દીઠ રૂા. ૯,૦૦૦ માત્ર રાખવામાં આવેલ છે. આ યાત્રા દરમ્યાન અચલગચ્છ તીર્થ, દેલવાડા, દંતાણી, ભેરૂતારક, પાવાપૂરી, જીરાવલા, શ્રી ભીન્નમાલ, જાલોર, જહાજ મંદિર, નાકોડાજી, બાડમેર, જેસલમેર, રામદેવડા, ઓશીયાજી, જોધપુર, પાલી, રાની વરકણા, નાડલાઈ, નાડોલ, મુછાળા મહાવીર, કિર્તી સ્થંભ, રાણકપૂર આદી મહત્ત્વના તીર્થોને આવરી લેવામાં આવશે. નામ લખાવવાની છેલ્લી **તા. ૧ ઓગસ્ટ ૨૦૧૩** છે. નિર્ધારીત ફોર્મ સંપૂર્ણ માહિતી સાથે સુંદર હસ્તાક્ષરોમાં ભરી મુકરર રકમ સાથે મોકલાવી નામ નોંધાવી શકાશે. (નકલની રકમ ડ્રાફ્ટ અથવા ચેક દ્વારા સ્વીકારવામાં આવશે.)

સર્વ ભાવિકોને ખાસ અપીલ છે. આવા મહાન આયોજનમાં જોડાઈ ધર્મ આરાધનામાં તરબોળ બની કર્મનું નિકંદન તથા પૂણ્યાર્જન કરવાની તક ચુકશો નહી.

ફોર્મ મેળવવા તથા વધારેની માહિતી માટે સંચાલકનો સંપર્ક કરશોજી.

**શ્રી કુલપાકજી તીર્થયાત્રાના કાયમી સંઘપતી**
**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી સોજપાર ગાલા,**
**(મોટા લાયજા-મુંબઈ)**
**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેંદ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવાર**

# શ્રધ્ધાંજલિનાં સુમન

જન્મ : ૧૩.૧૨.૧૯૪૩



અરિહંતશરણ : ૧૧.૩.૨૦૧૩

## સ્વ.અ.સૌ. કસ્તુરી કિશોર શામજી છેડા

(નલીયા-ઘાટકોપર)

*તમારી યાદ આવતાંજ આંખમાં અશ્રુનાં ફુલડાં ખરે છે.*

**-: પ્રાર્થયિતા :-**

| | | |
|---|---|---|
| સાસુ-સસરા | : | **માતુશ્રી સ્વ. મણિબાઈ શામજી હીરજી છેડા** |
| માતા-પિતા | : | **માતુશ્રી સ્વ. બાંયાબાઈ કુંવરજી પુનશી લોડાયા** (સાંયરા-મુલુંડ) |
| પતિ | : | **કિશોર શામજી હીરજી છેડા** |
| પુત્રી-જમાઈ | : | **અ.સૌ. હર્ષા નિલેષ સોમચંદ દંડ** (લાલા-મુલુંડ) |
| | : | **અ.સૌ. યક્ષા મનીષ વિરચંદ નાગડા** (તેરા-હૈદ્રાબાદ) |
| દોહિત્ર-દોહિત્રી | : | **ચિ. મોના, ચિ. મોનીલ, ચિ. ધ્વની, ચિ. પ્રેક્ષા, ચિ. પ્રિયલ** |
| નણંદ-નણંદોઈ | : | **સ્વ. ખમાવંતી પદમશી લખમશી મોતા** (વાંકુ-મઝગાંવ) |
| | : | **શ્રીમતી પ્રભાવંતી ગુલાબ વિરધોર લોડાયા** (મોટીખાવડી-કલવા) |
| | : | **સ્વ. કાશ્મીરા વસંત ત્રિકમજી દંડ** (વરાડીયા-ઘાટકોપર) |
| દેરાણી-દિયર | : | **શ્રીમતી લક્ષ્મી હિરાચંદ છેડા** (મુલુંડ) |
| | : | **શ્રીમતી ગુણવંતી વિનોદ છેડા** (ડોંબીવલી) |
| | : | **અ.સૌ. નિના ભરત છેડા** (કાંજુરમાર્ગ) |
| દિયર | : | **સુરેશ શામજી છેડા** |
| બહેન-બનેવી | : | **સ્વ. જયવંતી કિશોર ત્રિકમજી મોતા** (સુથરી-ઈંદોર) |
| | : | **શ્રીમતી લીલાવંતી ત્રિકમજી લાલકા** (વારાપધર-આદિપુર) |
| | : | **અ.સૌ. જયા બિપિન ધુલ્લા** (તેરા-મુલુંડ) |
| ભાઈ-ભાભી | : | **સ્વ. ઝવેરબેન પદમશી લોડાયા** (કલવા) |
| | : | **અ.સૌ. ચંદનબેન નારાણજી લોડાયા** (અડાલજ) |
| | : | **અ.સૌ. હિના ભરત લોડાયા** (મુલુંડ) |




## Outstanding

Sky lit,
Sun rise,
Pumped up,
Stay Wise!! (1)

Brush Teeth,
Excrete,
Have bath,
Then eat. (2)

Comb hair,
Dress smart,
Shoe shines,
Don't fart!! (3)

Sit in bus,
See friend,
Say hello!!
How are you? (4)

Reach school,
Concentrate,
I mean try to!!
But can't...... (5)

With friends,
Have fun,
Play pranks,
Play in sun!! (6)

Teacher calls,
Tells-me
Get out!!
Why me?? (7)

Reach home,
Tells mom-
'Got a call from school,
What's on?' (8)

I tell
There's some misunderstanding,
Teacher tells
Naitik, you're out-standing!!! (9)

***

## Fact of the matter !!

There are 62,000 miles of blood vessels in the human body – laid end to end they would circle the earth 2.5 times

The average person accidentally eats 430 bugs each year of their life

**The word "queue" is the only word in the English language that is still pronounced the same way when the last four letters are removed.**

**You can't kill yourself by holding your breath.(Really try it !!)**
**Right handed people live, on average, nine years longer than left-handed people.(Sorry left handers !!)**
**A man named Charles Osborne had the hiccups for 69 years!**

## CASE STUDY

**Isha Ambani**: Isha is one privileged 20 year old. The youngest billionaire heiress on this list, at 16, she was already holder of a stake worth about 80$ million in Reliance Industries. **Mukesh Ambani's** only daughter, she was student body council president in school, part of the football team and a trained pianist.

INDIA ROSE JAMES :At 18 years old have £75 million dollars in the bank. India Rose is the granddaughter of the late Soho property mogul Paul Raymond who left the money to her. The family is worth a whopping £500 million altogether.

SINDHUJA RAJARAMAN :At an age where most girls would much rather spend their time Facebooking or gossiping about boys, 14 year old Sindhuja Rajamaran not just has her career charted out but is India's youngest CEO and 2D animator!

Born into a family of overachievers (read: her dad is the first digital caricaturist in Tamil Nadu and her younger sister is the youngest Indian to write haiku in India), Sindhuja holds a Guinness World Record for becoming the youngest CEO of a Chennai-based animation company called Seppan.

## Riddles !!

**How many seconds are there in a year?**
12 (2nd of January,2nd of February ................)
**If your dog loses his tail, where would you find it?**
Retail
**Which month(s) has twenty eight days**
All of them
**When do elephant(s) have eight legs?**
When there are two of them

**-Naitik Lapsiya** Pune (14years)
naitik.lapsiya@gmail.com

EXIM
LOGISTICS SOLUTIONS
we help you globalize

CAREER OPPORTUNITY!

We are Exim Transtrade (I) Pvt. Ltd., an International Freight Forwarding and Logistics service provider company successfully operating throughout the globe for more than 2 decades, and are further expanding our operations thus hiring for a position Manager/Asst. Manager HR & Administration, Generalist Profile. Location: Mulund (Mumbai) Desired Candidate Profile: Experience 2-5 years, Candidate must possess leadership qualities and must be effective in coordination of company Human Resource functions. Be able to Develop and implement corporate Human Resource strategy and programs related to Recruitment, Selection, Induction, Training, Performance Appraisal, Attendance management, Salary Administration, Compensation & Payroll Management, Statutory Compliances as PF, PT, MLWF, ESIC, Gratuity, and other labor law related compliances. Liaison with Various Government bodies, Handling & Redressing Employee Grievances, Propose Continuous Organizational Development plan, Complete office Administrative responsibilities. Knowledge of ISO compliances will be an added advantage. Interested candidates are requested to forward their updated Resume on the E mail ID: hr@exim.ws Company website: www.exim.ws

## ટૂંકી વાર્તા : આનંદોત્સવ

મિલિંદ અને નેહા બાળપણમાં કેટલોક સમય એક જ શાળામાં ભણતા હતા તે પરિચય પછી પંદર-સત્તર વર્ષ થઈ ગયાં હશે. વચ્ચેના ગાળામાં કેટકેટલું બની ગયું? મિલિંદ એમ.બી.એ. થઈ ગયો. નેહાએ એમ.કોમ. કર્યું. જ્યારે પરણીને જીવનમાં ઠરીઠામ થવાનો વિચાર પાકો કર્યો ત્યારે મિલિંદે પ્રસ્તાવ મૂક્યો, 'નેહા, મારી સાથે લગ્ન કરવાનું પસંદ કરીશ?'

'મિલિંદ, સાચું કહું તો આ મારા મનની જ વાત છે પણ આજ સુધી તને જે કહી નથી શકી એ વાત કહી દઉં કે આપણા લગ્નમાં સૌથી મોટો અંતરાય મારી જ્ઞાતિનો આવે એમ છે. અમે ખ્રિસ્તી છીએ.'

બધા અંતરાય પાર કરીને ભલે બંનેએ લગ્ન તો કર્યા પણ મિલિંદની મમ્મી રોહિણીબહેની સખત નારાજગી વચ્ચે. રમેશભાઈ થોડા ઉદારમતવાદી ખરા એટલે એમણે આ સંબંધનો ખાસ વિરોધ ન કર્યો. વળી એમણે પત્નીને સમજાવવાની પણ ભરપૂર કોશિશ કરી, 'રોહિણી, આજે ન્યાત-જાતનાં બંધનો તૂટતાં જાય છે. દુનિયા વિશાળ બનતી જાય છે. આપણાં સંતાનો જેમાં રાજી એમાં આપણે પણ ખુશ રહેવું જોઈએ. ને આપણે હરીફરીને મિલિંદ અને અભિજિત સિસવાય બીજું કોમ છે? અભિ ને એની પત્ની તો છેક દિલ્હી છે. આપણે હંયં અહીં પૂનામાં. અડધી રાત્રે જરૂર પડે તો મિલિંદ ને નેહા જ કામ લાગવાનાં છે...'

રોહિણીબહેન વચ્ચે જ તાડૂકી ઊઠતાં, 'હવે તમે દીકરા-વહુની વકીલાત કરવાનું બંધ કરશો? તમે ગમે તેટલું કહેશો પણ એ ખ્રિસ્તીની દીકરી મારા ઘરમાં નહીં જોઈએ એટલે નહીં જોઈએ.'

મિલિંદ અને નેહા ભલે આટલા મોટા બંગલાને બદલે નાનકડા ફ્લેટમાં રહેતાં હોય પણ નેહા દૂર રહ્યે રહ્યે પણ સાસુ-સસરાની દરેક જરૂરિયાતનું ધ્યાન રાખતી. રોહિણીબહેનની જાણ બહાર રમેશભાઈનો દીકરા-વહુ સાથે સંપર્ક ચાલુ જ હતો અને તેથી જ એક દિવસ સવારના પહોરમાં એમણે ફોન કરવો પડ્યો. 'મિલિંદ, તારી મમ્મી કાલે દાદરા પરથી પડી ગઈ. હાથે પણ વાગ્યું છે અને પગે તો ફ્રેક્ચર થયું છે. બે મહિના પગ પ્લાસ્ટરમાં રાખવો પડશે. ત્યાં સુધી પથારીમાં જ રહેવા નું. તમે એમ કરો. ઘર બંધ કરીને રીંકી અને મોન્ટુને લઈને બંગલે જ આવી જાવ.'

'પણ પપ્પા, ત્યાં આવવાનું તો કેવી રીતે ફાવે? મારે જૉબ પર જવાનું, બાળકોને સ્કૂલ અહીંથી નજીક પડે અને અહીં નેહાના ટ્યૂશન ક્લાસીસ પણ ચાલે. આ બધું...' મિલિંદના હાથમાંથી રિસીવર લને નેહાએ કહ્યું, 'પપ્પા, બધું થઈ જશે. તમે જરા ય ચિંતા ન કરશો. પણ હા, ઘર આટોપવા માટે મને અડધો દિવસ જોઈએ. સાંજ સુધીમાં અમે આવી જઈએ તો ચાલશે?'

'હા, હા, બેટા, રસોઈ બનાવવા માટે બહને તો આવે જ છે એટલે ઉતાવળ નથી.' બીજા દિવસથી અત્યાર સુધી સૂનો લાગતો બંગલો રીંકી ને મોન્ટુની ધબાદબીથી ગાજવા માંડ્યો. રસોઈવાળી બહેન રસોઈ બનાવતી ને રોહિણીબહેન માટે રાખેલી બહેન એમને નવડાવવાં, કપડાં પહેરાવવાં એ બધું કરતી પણ એને રોહિણીબહેનને માથું ઓળી આપવું કેમે કરીને ફાવતું નહોતું. નેહાએ એ કામ તો પોતાના હાથમાં લીધું જ પણ એ સિવાય સાસુજીને સમયે સમયે દવા આપવી, જ્યૂસ આપવો એવી દરેક વાતનું ધ્યાન રાખતી. રોહિણીબહેનને બાળકોના કલબલાટથી ધમધમતું ઘર ગમતું પણ એમણે નેહાના હાથે બનેલી કોઈ ચીજનો સ્વીકાર નહોતો કર્યો. એમને પથારીવશ થયાને અઠવાડિયું થયું ન થયું ત્યાં રસોઈ બનાવનારી બહેનના પતિને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.

હવે ખરી કઠણાઈ શરૂ થઈ. સવારે ચા તો રમેશભાઈએ બનાવી આપી પણ એ આખો દિવસ રોહિણીબહેને ફળાહાર કરીને જ વીતાવ્યો. એક તો આટલી દવાઓ લેવાની ને વળી ભૂક્યા રહેવાની જીદ. એમની ચિંતામાં સતત નીતરી રહેલ નેહાની આંખો રમેશભાઈના ધ્યાન બહાર નહોતી. રાત્રે સૂવા જતાં પહેલાં તેઓ પત્ની પાસે બેઠા. એમનો હાથ હાથમાં લઈને એમણે કહ્યું, 'રોહિણી, આ કઈ જાતની હઠ? કોઈ સ્વાર્થ વિના જે દીકરી તારી મન મૂકને સેવા કરે છે ને જ હડધૂત કરવાની? આજ સમય છે, વડીલ તરીકેની તારી સમજદારી બતાવવાનો. ધર્મ જ્ઞાતિ ને આભડછેટનું ભૂત મગજમાંથી કાઢી નાંખ તો તું પણ સુખી થશે ને આપણું ઘર નંદનવન બની જશે.'

આખી રાત રોહિણીબહેને પડખાં ઘસીને કાઢી. મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલતું હતું. નેહાનો નિર્દોષ ચહેરો વારંવાર નજર સામે આવીને એમને પૂછતો હતો, 'મારો શું વાંક છે? મને તમારી દીકરી નહીં બનાવો?'

સવારે એમણે બૂમ પાડીને કહ્યું, 'નેહા, આઠ વાગવા આવ્યા. મને ચા ક્યારે મળવા ની છે? ને સાથે કંઈક નાસ્તો પણ લેતી આવજે.'

ચા-નાસ્તાની ટ્રે લઈને ગયેલી નેહાની લાલ આંકો તરફ જોતાં એમણે કહ્યું, 'ચાલ, હવે રડવાનું છોડીને મને તારે હાથે ચા પીવડાવ. નેહા, આજે તારી મમ્મી-પપ્પા, ભાઈ-ભાભી બધાને જમવા બોલાવજે. કારણ પૂછે તો કહેજે કે, અમારે ઘરે આજે આનંદોત્સવ છે. બધાં ભેગાં મળીને ઊજવીશું.' નેહા રોહિણીબહેનને ગળે વળગી પડી.

(રંજના કેલકરની મરાઠી વાર્તાને આધારે) **– આશા વીરેન્દ્ર**

## પહેલી પુણ્યતીથીએ સ્મરણાંજલિ



જન્મ
**૦૨.૦૭.૧૯૭૭**

સ્વર્ગવાસ
**૧૮.૦૪.૨૦૧૨**

### સ્વ. શૈલેશ જવેરચંદ કેશવજી લોડાયા

(લાલા-ડોંબીવલી)

સૌ પ્રત્યે સ્નેહ સદ્ભાવના સાથે વાત્સલ્યની સરવાણી વહેરાવનારા પ્રેમાળ, લાગણીશીલ પરિવારના સૌમ્યમૂર્તિની વસમી વિદાયથી અમે સૌ પરિવારજનો વ્યાકુળ (દુઃખી) બન્યા છીએ. એમનો દિવ્ય આત્મા મોક્ષગતિને પામે એવી પ્રભુ પાસે પ્રાર્થના...

**-: પ્રાર્થયિતા :-**

દાદા-દાદી : **માતુશ્રી મુરબાઈ કેશવજી લોડાયા**
માતા-પિતા : **સૌ. રમીલાબેન જવેરચંદ લોડાયા**
ધર્મપત્ની : **ગં.સ્વ. દક્ષાબેન શૈલેશ લોડાયા**
પુત્રો : **જીતેશ, શિવમ, જિયા**
પુત્રવધુ-ભાઈ : **સૌ. પુનમબેન હસમુખ લોડાયા**
બેન-બનેવી : **સૌ. શીતલ ભરત નાગડા**
સાસુ-સસરા : **સૌ. લતાબેન કલ્યાણજી ડાઘા**

નાના-નાની : **માતુશ્રી રતનબાઈ નેણશી મોતા**
કાકા-કાકી : **સૌ. કાંતાબેન ખીમજી લોડાયા**
: **સૌ. ચેતનાબેન મુલચંદ લોડાયા**
: **સૌ. રેખાબેન ગુલાબચંદ લોડાયા**
ફુઈ-ફુઆ : **ગં.સ્વ. વનીતા નવીનચંદ નાગડા**
**સ્વ. હીરબાઈ હેમંત વિકમશી**


**કલા-કસબ અને કલરનો**
**અનોખો સમન્વય**

**જ્યોતિ**

**સિલ્ક સાડી એમ્પોરીયમ**

*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com



૪૦% સુધી આકર્ષક વળતર

આંબા ડાલે ટહુકા કરતી કોયલ બોલે આવો
વસંતના આ રંગ-બીરંગી પુષ્પોને વધાવો
આવો

**પાલવ** **મુલુંડ નાં આંગણે**

વૈવિધ્ય સભર વસ્ત્રોનું ભવ્ય વાર્ષિક સેલ

આરંભ : **તા. ૧૫.૪.૧૩**

અમારી વિશેષતા-કચ્છી બાંધણી, ચણિયા ચોલી,
ઘરચોળા, ડ્રેસ મટિરિયલ્સ.
અમારી હસ્તકલાના નઝરાણાંરૂપ આપના પ્રસંગોને
દીપાવતા કલાત્મક ચપ્પલ અને હેન્ડબેગ
**'પાલવ'**, દુકાન નં.૧, 'ઓ' વીંગ, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુંડ (પ),
મુંબઈ-૮૦. ફોન : 25616892, 25906287
Website : wwwpalav.com, Email-contactapalav.com.



**K. Dixit**
**રીયલ ડાયમંડ જ્વેલરી**

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**
**(સાંધાણ – ઘાટકોપર)**
**98204 57676**

**લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ**
**રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ**
**તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**




**લગ્ન સંબંધી**

મુંબઈ સ્થિત, ઉં.વ. ૪૪, ઉંચાઈ ૫'-૫" 12th, પોતાનો ધંધો, વેલ સેટ યુવક માટે યોગ્ય, સંસ્કારી, કુંવારી કે વિધવા, છુટાછેડાવાળી કન્યા આવકાર્ય. કચ્છ, બહારગામ કે ઓછું ભણેલી કન્યા પણ આવકાર્ય. સંપર્ક : 09702233102

સમાચાર

સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજીનો કાળધર્મ

પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગર સુરીજીના આજ્ઞાનુવર્તીની પૂ.સા.શ્રી ધૈર્યપ્રભાશ્રીજીના શિષ્યા પૂ.સા.શ્રી. ગુણમાલાશ્રીજી મ.સા. ઉ.વ. ૮૦ સંયમ પર્યાય ૩૨ વર્ષ, ૧૧.૪.૧૩ના સાંજે અચલગચ્છ ઉપાશ્રયે ભાંડુપમાં સમાધિપુર્વક કાળધર્મ પામ્યા. (પૂજ્યશ્રી સંસારપક્ષે માતુશ્રી સોનબાઈ મેઘજી હીરજી ગોસર-બાયઠના દિકરી અને શ્રી જેઠાલાલ ખીમજી લાપસીયાના ધર્મપત્ની) પૂજ્યશ્રીએ જ્ઞાન-દર્શન ચારિત્ર્ય રત્નત્રયીની સુંદર આરાધના કરી અનેક સંઘોમાં ભાવિકોને ધર્મપ્રેરણા, માર્ગદર્શન કરી શાસનની સુંદર પ્રભાવના કરી અપ્રતપણે સ્વાધ્યાય સાધના સાથે સંયમ જીવન અજવાળ્યું. પૂજ્યશ્રીની અંતિમ ક્રિયા માંડણીમાં અખિલ ભારત અચલગચ્છ સંઘ, સમસ્ત જ્ઞાતિ મહાજન, મુંબઈ મહાજનશ્રી, અનંતનાથજી ટ્રસ્ટ તથા અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો, વિવિધ સંઘના ભાવિકો, પૂજ્યશ્રીના સંસારપક્ષે સગાસંબંધીઓ અને ભક્તગણ પરિવાર જોડાયેલ.

પૂજ્યશ્રીના અંતિમ સંસ્કાર વિધિના વિવિધ ચડાવા બોલાયા હતા અને ભાવિકોએ લાભ લીધેલ. સદગતશ્રીને ગુણાનુવાદ અનુમોદના સહ ભાવાંજલિ.

## ડોંબીવલીમાં નવી શાળાનું ઉદ્દઘાટન

ભારતીય એજ્યુકેશનલ ટ્રસ્ટના ઉપક્રમે ચાલતી ધો. ૧ થી ૧૦ સુધીની અંગ્રેજી શિક્ષણ શાળા- 'બ્લુ બર્ડસ સ્કુલ'નું ગીતાંજલી શાંતિનગર, પાંડુરંગવાડી જૈન દેરાસર પાસે, ડોંબીવલી(ઈ)માં તા. ૧૧.૪.૧૩ ગુડીપાડવાના ઉદ્દઘાટન થયું. ઉદ્દઘાટન પ્રસંગે ડોંબીવલીના વિવિધ સમાજના અગ્રણીઓ, કાર્યકરો અને માનવંતા મહેમાનો પધારેલ. કાર્યક્રમ સંચાલન શ્રી નીતિન સાયલાએ કરેલ. નવકારપઠન, દીપપ્રાકટ્ય અને સરસ્વતી વંદનાથી શુભારંભ થયેલ. અદ્યતન સાધન-સુવિધા સજ્જ શાળા સંચાલન માટે વ્યવસ્થા મંડળની પુનઃગોઠવણી કરી સુધારા-વધારા કરાયા છે.

શાળાની સંચાલન કમીટીમાં શ્રી મહેન્દ્ર ડી. ખોના, શ્રી નિતીન રાયચંદ સાયલા, શ્રી અશ્વિન ડી. મહેશ્વરી, શ્રી નિલેશ આર. મોમાયા, શ્રી મુકેશ ડી. મંગે, શ્રીમતી છાયા વી. લોડાયા, શ્રીમતી નિશા એચ. શિયાલ, શ્રીમતી ચંદા બી. મહેશ્વરી છે.

શાળાના વિભાગમાં તજ્ઞ નિષ્ણાંતોની ટીમ છે. શિક્ષણ ઉપરાંત યોગ, નૃત્ય, સંસ્કૃત શિક્ષણ, ક્રાફ્ટ, ફોનેટીક, કેલીગ્રાફી, નાટ્યકલા વગેરે ઈતર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિત્વ ઘડતરનું શિક્ષણ અપાશે.

## 'સંવાદ'-સાભાર સ્વીકાર

સ્વયં સ્વસ્થ બનો અભિયાન અંતર્ગત યોગ નિષ્ણાંત ગીતાબેન જૈન સંપાદિત 'સંવાદ' પ્રકાશન મળ્યું.

આ અંકમાં યોગ અને પ્રાકૃતિક જીવનશૈલી વિષેના મનનીય લેખો, યોગશિબિરના આયોજન-અહેવાલ, અધ્યાત્મિક લેખો-સમાચારો, સહસાધકોના અનુભવ વિચારો વગેરેનું સત્વશીલ સંકલન છે.

## કોચીનમાં નવકાર જાપ અનુષ્ઠાન

શ્રી કોચીન શ્વે. મુર્તિપુજક જૈન સંઘના ઉપક્રમે અત્રે સર્વે જૈન ભાવિકો માટે તા. ૩૧.૩.૧૩ના સવારે નવકારમંત્ર આરાધના જાપ શ્રી જયંતભાઈ રાહીના માર્ગદર્શને તેમની નિશ્રામાં યોજાયા. તા. ૩૦.૩.૧૩ના શ્રી રાહીએ નવકાર જાપ મહાત્મ્ય સમજાવ્યું અને ભક્તિભાવના થઈ. લાભાર્થીઓએ ઉછામણી બોલી નવકાર યંત્રપુજન વિધાનનો લાભ લીધેલ.

આ પ્રસંગે મા. લીલબાઈ વીશનજી ખોના પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. આ અનુષ્ઠાનમાં ૭૦૦થી અધિક ભાવિકો જોડાયા. મુંબઈથી શ્રી જયંતભાઈ રાહી અને સહયોગીઓ શ્રી સોમચંદ વેલજી લોડાયા


**આપની રજાઓનું આયોજન કરો...**
**હોલીડે પ્લાનર્સ**

જ્યુટાઉન, કોચીન-૬૮૨૦૦૨
સંપર્ક : **શ્રી મેહુલ બી. મૈશેરી 07736025429 / 08129945429**
E-mail : into@holidayplannersonline.com

**આવો, વરસાદી પિકનીક અને કુદરતના ખોળે નિસર્ગની સંગાથે... એવરગ્રીન કેરાલા... અને દક્ષિણના પેકેજ પ્રવાસો**
**કોચીન, મુન્નાર-ટેકડી, કુમારકોમ હાઉસબોટ, કેવલમ, વાયનાડ, પોવનાર અને આંદામાન**

***ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ પેકેજ ટુરો ❖ હોટેલ રીઝર્વેશન ❖ કાર-વાહન-યાત્રા ❖ ટિકીટો બુકીંગ વગેરે સુવિધા***

દરેક ટુરમાં સંચાલક ટીમની સંગાથે,
મનભાવન ભોજન વ્યવસ્થા, ભરપુર સાઈટ સીઈંગ

હોલીડે પ્લાનર્સ.... યાદગાર ટુરનું સંભારણું...

સહ વિમાનમાર્ગે સાંજે કોચીન પહોંચ્યા.

સાંજના ૮ વાગે રાહી સાહેબનું ભવ્ય સત્કારસહ અતિથિભવનથી સાંસ્કૃતિક હોલ સુધીની શોભાયાત્રામાં હાથમાં દીવા લઈને યુવકો તથા બેડાંવાળી ૩ બહેનો ઢોલ-શરણાઈસહ વાજતે-ગાજતે સંઘરૂપે પધારેલ.

રાહી સાહેબે નવકારના મહિમા સાથે કથાગીત સંભળાવેલ. પાંચ યંત્ર સમક્ષ ચાર-ચાર પરિવાર સાથે બેસી પૂજનનો લાભ માટે દરેક મણકા દીઠ એક પરિવાર એવી ૨૦ બોલી થઈ અને સંઘના સાધારણ ખાતે અંદાજે રૂા. ૧,૨૫,૦૦૦ જમા થયા. સંગીતકારો શ્રી ભરતભાઈ, જીગ્નેશભાઈ, જીતુભાઈએ રમઝટ સાથે ભાવના ભણાવી.

૩૧.૩.ના સવારના ૯.૩૦ રાહી સાહેબે નવકાર જાપ શરૂ કરાવ્યા અને બપોરે ૨ વાગે પૂર્ણ થયા. વિવિધ મુદ્રાઓમાં સરસ સમજણ આપી તે જાપ કરાવ્યા.

સંઘ તરફથી રાહી સાહેબનું સન્માન ૭ ટ્રસ્ટીઓ, પદાધિકારીઓએ તિલક કરી કર્યું. રાહી સાહેબે પણ સંઘને ભક્તિવિશેષાંક, ગજલક્ષ્મીજીનો ફોટો તથા દાદાના દરબારે ઓડિયો સીડી સૌને BMPPP તરફથી ભેટ આપી અભિવાદન કર્યું.

કોચીન તરફથી મણીકાંતભાઈ ખોના, ચંદ્રેશ મહેતા અને નિતીન જવેરીએ સ્વાગત કરી પ્રાસાંગિક તેમજ આભાર વ્યક્ત કરેલ.

BMPPP તરફથી સોમચંદભાઈએ અભિવાદન કરી સાધર્મિક પર પંચ પરમેષ્ઠિ પરિવાર પ્રવૃત્તિઓની માહિતી આપી અપીલ કરી જેના પ્રતિસાદમાં રૂા. ૩૨૦૦૦ સંઘ તરફથી અને રૂા. ૩૧૦૦૦ શ્રી મણીકાંત વિસનજી ખોના તરફથી તેમજ અંદાજે રૂા. ૯૧ હજાર ભેગા થયા. અન્ય દાન જાહેરાતો મળી. શ્રી પ્રફુલભાઈ શાહે ૧૨.૧૫ કલાકે પરિસરમાં દાદાની પ્રદક્ષિણા કરાવી, માંગલિક સંભળાવી ચણ ખવડાવે છે. એવા હજારો કબુતરોને જોઈ જીવનનો સુંદરમય લહાવો માણ્યો. ત્યાર પછી જાપનો ચોથા મણકે, આરતી મંગળ દિવો કરી બપોરે ૨ વાગે પૂરા કર્યો અને પછી સ્વામીવાત્સલ્યનો લાભ લઈ સૌ છૂટા પડ્યા. કોચીનમાં આ પ્રકારે પ્રથમવાર જાપ અનુષ્ઠાનમાં સૌ સહભાગી થઈ અનેરા લાભની ધન્યતા અનુભવી.

## ડોંબીવલીમાં બાળકો માટે ધાર્મિક કેમ્પ

શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબીવલીના ઉપક્રમે ટીનીમીની પાઠશાળા દ્વારા ૧૫ થી ૨૦.૪.૧૩ના સવારે ૧૦ થી ૧૨માં ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે વિવિધ ધાર્મિક જ્ઞાન અને વ્યવહારિક સંસ્કારો માટે કેમ્પ રખાયેલ છે.

આ કેમ્પમાં જીવનમાં પોઝીટીવીટી, મેડીટેશન, ધાર્મિક પ્રેક્ટીકલ જ્ઞાન, એક્ટીવીટી ક્રીયેટીવીટી, તિથી-જયણા સમજ, દેવ-દર્શન, ગુરૂવંદન વિધિ, દાન, અહિંસા, તપ અને સરસ્વતી આરાધના-ચર્ચા પરિસંવાદ અને વિનય સંસ્કારોની સમજ અપાશે. સ્થળ : અચલગચ્છ ભવન, સુવિધિનાથ જિનાલય, ડોંબીવલી (ઈ).

## શેત્રુંજયતીર્થે સમુહ વર્ષીતપ પારણા

પાલીતાણામાં આદિનાથ દાદાની છાયામાં પૂ. ગચ્છાધિપતિ સળંગ ૪૪ના આરાધક આ.શ્રી ગુણોદયસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં સમુહ પારણા મહોત્સવમાં તા. ૧૨.૫.૧૩ના વર્ષીતપ આરાધકો પારણાં કરશે. તા. ૧૧.૫.૧૩નાં તીર્થરાજની યાત્રા. બપોરે વિજયમુહુર્તે ભક્તામર મહાપુજન, સાંજે તપસ્વી સમુહ સાંજી, અખાત્રીજે ઈક્ષુરસ પક્ષાલ, તપસ્વી શોભાયાત્રા, પૂજ્યશ્રીના આશિર્વચન, ધૃતઉછામણી આદિ કાર્યક્રમો છે. ભુજ ક.વિ.ઓ. સંઘ કચ્છના તમામ વર્ષીતપ આરાધકોને સંઘરૂપે પાલીતાણા લઈ જશે.

## જીવનગુણ વૈભવ કન્યા શિબિર

શ્રી આયરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના ઉપક્રમે ગુરૂ ગુણ જન્મ શતાબ્દિ વર્ષની પુર્ણાહુતિએ ૨-૫થી ૯-૫-૧૩ દરમ્યાન પાર્લા (મુંબઈ)માં ભાણબાઈ નેણશી મહિલા વિદ્યાલયમાં ૧૨ થી ૨૫ વર્ષની બહેનો માટે ગુણવૈભવ શિબિર યોજાઈ છે. ફોર્મ સ્વીકારની છેલ્લી તા. ૨૦.૪.૧૩ છે. જેમાં પૂ.સા.શ્રી અરૂણોદયશ્રીજી આ.ઠા. નિશ્રા આપશે.

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

૨૩.૩.૧૩ના કમીટી મેમ્બર લીના મોમાયાના નિવાસસ્થાને 'રેડ એન્ડ બ્લેક' વસ્ત્ર પરિધાનમાં સજ્જ સભ્યોને વિવિધ રમતો રમાડવામાં આવેલ. વિજેતાઓને



ABDASA (KACHCHH) GAUSHALA TRUST
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

'ગુર્જરમાત' સાપ્તાહિકના પ્રતિનિધિએ શ્રેષ્ઠ વસ્ત્ર પરિધાન માટે એક ઈનામ તથા મંચે ૪ ઈનામો આપેલ. વિવિધ ગેમો દિપાલી નાગડાએ રમાડેલ. પ્રિયા મોમાયા તરફથી દાબેલી તથા શીલા મોમાયા તરફથી ઠંડાઈ આપવામાં આવેલ. મંચના આગામી પીકનીક-પ્રવાસ લોનાવાલા તથા કોઈમ્બતુરની માહિતી આપવામાં આવેલ. ૬૦ સભ્યો હાજર રહેલ.

લોનાવલામાં નિર્મલા કેટરર્સના નિર્મલા મુકેશ મોમાયા, પ્રશાંત શામજી મોતા, હેમંત શામજી મોતા તથા રવિ મુકેશ મોમાયાના આખા દિવસના સૌજન્ય સાથે ૨૬.૫.૧૩ના એક દિવસીય લોનાવલાની પીકનીકનું આયોજન થયેલ છે. સભ્યો માટે ચાર્જ રૂા.૩૦૦ છે. ઉપરાંત શ્રી અશોક દામજી ડાઘા (કોઈમ્બતુર)ના સૌજન્યથી ૨૭.૯.૧૩થી આઠ દિવસનું કોઈમ્બતુર, કોડાઈકેનાલ, મુન્નાર વગેરેનું પ્રવાસનું આયોજન છે જેમાં સભ્યો માટે રૂા. ૩૫૦૦ તથા સભ્યોના અન્ય કુટુંબીજનો માટે રૂા. ૪૫૦૦ ચાર્જ છે. બન્ને પ્રવાસમાં મર્યાદિત સંખ્યા હોતાં સભ્યો નામ નોંધણી કરાવવા લીના મોમાયા-93216910181 અથવા ચિત્રા લોડાયા-9819089539 સંપર્ક કરવા જણાવાયું છે.

## પૂ.ક્ષમાનંદજી મહારાજની ૪૪મી પુણ્યતિથિ

ભુજપુરના જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિરે વિધિવિધાનના વિદ્વાન પૂ.શ્રી યતિશ્રી ક્ષમાનંદજીશ્રીજી મ.સા.ની ૪૪મી પુણ્યતિથિ ફાગણ વદ-૩ના ધાર્મિક ભક્તિથી ઉજવાયેલ. સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. સુંદર તપ-જાપ-જીવદયા પ્રવૃત્તિ થયેલ. પૂજ્યશ્રીના જીવનદર્શન વિષે યતિ મોતીસાગરજી મહારાજે પ્રાસંગિક જણાવેલ. પુજ્યશ્રીએ ૬૭ વરસ પહેલા હાઈસ્કૂલ માટે માતબર દાન આપી, ભાવિમાં શિક્ષણના મહત્વને સમાજને બતાવી પહેલ કરેલ. તેજ રીતે ધુલીયા સ્થાને બોર્ડિંગ તેમજ ભુજપુરમાં મહિલા બાલ કલ્યાણ કેન્દ્ર માટે પંચાયતને દાન આપેલ. ધાર્મિક વડા હોવા છતાં વહેવારના શિક્ષણ માટે ખાસ ભાર મુકેલ. સેવાના ભેખધારી યતિશ્રીએ સમાજનું સાથ સહકાર લઈ સર્વના ઉપયોગ માટે વિદ્યા દાન-શ્રેષ્ઠ દાનનો આદેશ આપતા. એવા મહાત્માને સાચી અંજલી આજના શિક્ષણને 'સર્વજન સુખાય' થાય તેવી ભાવના સાથે નવકારના જાપથી શ્રદ્ધાંજલિ અપાયેલ.

## ગોરખડી-ધ્રાફા

ગોરખડી-ધ્રાફાના અજીતનાથ જૈન દેરાસરની વર્ષગાંઠ નિમિત્તે ૨૮.૩.૧૩ના સવારના ૧૧.૧૫ ક. ધ્વજારોહણ કરેલ. મુંબઈથી શ્રી દેવચંદભાઈ, ચંદુભાઈ, મહેન્દ્રભાઈ અને લતાબેન પધારેલ તથા સ્થાનિક જ્ઞાતિજનો તથા ગામ લોકોના સહકારથી આ પ્રસંગની ઉજવણી સારી રીતે થઈ. પૂજારી શ્રી કાંતીભાઈ તથા ચંપાબેને સારો સહકાર આપેલ. ધજાનો ચડાવવાનો લહાવો શ્રી મહેન્દ્ર હીરજી લોડાયા પરિવારે લીધેલ. આ પ્રસંગે જમણવારે તેમના નિવાસસ્થાને રાખેલ. આ પ્રસંગે પ્રમુખશ્રી બાબુલાલ જીવરાજ લોડાયાએ સૌ જ્ઞાતિજનો શુભેચ્છા પાઠવી હતી. પર્યુષણ પર્વ ઉજવણી બાબત આયોજન થઈ રહ્યું છે.

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-નાગપુર

અત્રે પૂ.મુનિ શ્રી ધર્મપ્રભસાગરજી અને ધર્મશેખર સાગરજી મ.સા. આકોલા ચાતુર્માસ તેમજ યવતમાલમાં ધ્વજા મહોત્સવે નિશ્રા આપી બુટીબોરી-જામઠા થઈને નાગપુર ૬.૩.૧૩ના પધારેલ. શ્રી સુમતિનાથ મંદિર રામદાસપેઠ, શ્રી સંભવનાથ મંદિર વર્ધમાન નગર, શ્રી મુનિસુવ્રતસ્વામી મંદિર-ઈતવારીમાં દર્શન વંદન લાભ આપેલ. ૧૬.૩.૧૩ સુધી દરરોજ સવારે વ્યાખ્યાન આપેલ. આગળ જબલપુર ચાતુર્માસ માટે ૧૭.૩.૧૩ના કોરાડી, સાવનેર થઈને છિંદવાડા તરફ વિહાર કરેલ.

બધા જ્ઞાતિભાઈઓએ વહોરાવવાનો લાભ લીધેલ. નજીકના ઘરોમાં પૂજ્યશ્રીએ પગલા કર્યા. પૂ.મુનિ ધર્મશેખરસાગરજીનો વર્ષીતપ ચાલુ છે. વિહાર કરતા પૂ.શ્રીએ ડૉ. રિષી સતેન્દ્ર લોડાયાની ક્લિનીક પર પગલા કરેલ.

નાગપુર મહાજનના પ્રમુખ શ્રી સતેન્દ્ર મુલજી લોડાયા તેમજ ટ્રસ્ટીઓ શ્રી મેઘજીભાઈ અને માણેકજીભાઈની આગેવાનીમાં ૨૭.૩.૧૩ના શ્રી ભદ્રાવતી તીર્થે સંઘનો આયોજન કરેલ. જેમાં ૬૬ જણાંએ લાભ લીધેલ. મહિલામંચ નાગપૂરના પ્રમુખ સૌ. પ્રગતિબેન ખોનાએ ફાળા માટે અગ્ર લાભ લીધેલ. બધાએ સારો પ્રતિસાદ આપેલ. નવકારશીનો લાભ શ્રી ચીમન નરપાર પટેલ તેમજ નાસ્તા પેકેટ શ્રી ચંદ્રકાંતભાઈ પટેલ અને પ્રતાપભાઈ ધરમશી પરિવારે લાભ લીધેલ.


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160 x 111 mm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77 x 111 mm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | ૩૫૦ |

પ્રવાસમાં વિવિધ જ્ઞાન-ગમ્મતની રમતો અને અંતાક્ષરી સૌ. મીનાબેન મૈશેરી, તૃપ્તીબેન ખોના અને અંજનાબેન પટેલે રમાડેલ. ત્યાં દર્શનપૂજા પાઠનો લાભ લીધેલ. તેમનું મહિલામંચે બહુમાન કરેલ. ત્યાં સંઘપુજનનો લાભ ડૉ. રિષી લોડાયા, ચંદ્રકાંત પટેલ અને ચંપાબેન ખોના પરિવારે લીધેલ.

ચિ. મનન વ્યોમેશ દંડ, તનય મયંક ખોના, પલક મિલિંદ પટેલ તેમજ આનવી રિષી લોડાયાએ પાઠશાળામાં ધાર્મિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. જેમનું મહાજન તરફથી બહુમાન થયેલ. ભવન ફંડ માટે ચર્ચાવિચારણા ચાલુ છે.

## ડોંબીવલી મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેંટ

શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલી આયોજીત 'કે.ડી.ઓ. કપ-૨૦૧૩' ૩૧.૩.૧૩ના સવારના ૮ વાગે ખુશનુમા વાતાવરણમાં શુભ શરૂઆત મંડળના પ્રમુખશ્રી વિરેન્દ્ર લોડાયા તથા ટુર્નામેંટના સ્પોન્સરર શ્રી મુંબઈ મહાજન વતી ચેતન મોતા, મુકેશ લોડાયા. હરીશ શિયાલ વિ. કાર્યકરોની હાજરીમાં મહાકાલી માતાની છબીને હારારોપણ તથા દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરેલ.

આ ટુર્નામેંટમાં જ્ઞાતિની ૧૨ ટીમોએ ભાગ લીધેલ. રસાકસીભરી રોમાંચક, મુકાબલોમાં સેમીફાઈનલ મોરેયા ઈલેવન તથા મુલુંડ યંગસ્ટર્સ વચ્ચે મેચ રમાઈ. જેમાં મુલુંડ યંગસ્ટર્સનો શાનદાર વિજય થયેલ. ફાઈનલ મેચ રામાપીર જુનીયર તથા મુલુંડ યંગસ્ટરર્સ વચ્ચે યોજાયેલ. આ રોમાંચક મુકાબલામાં રામાપીર જુનીયરની ટીમે શાનદાર બેટીંગ દ્વારા કે.ડી.ઓ. કપ ઉપર કબ્જો જમાવેલ.

બેસ્ટ બેટીંગ–અમિત ખોના, બેસ્ટ બોલર- દીક્ષીત લોડાયા, બેસ્ટ ફીલ્ડર-ભાવિક છેડા તથા મેન ઓફ ધ સીરીઝ-વંદીત લાપસીયા (મુલુંડ)ને ઈનામ મળેલ.

ટુર્નામેન્ટ દરમ્યાન સર્વશ્રી ગીરીશ મેઘાણી, દેવેન્દ્રભાઈ, ભૂપેન્દ્ર ડાઘા, વિશ્વજીત લોડાયાએ સ્કોર બુક કાર્ય સંભાળેલ. સંપૂર્ણ મેચમાં ચેરમેન શ્રી ચંદ્રેશ ખોના, મનોજ ખોના તથા પ્રમુખશ્રી વિરેન્દ્ર લોડાયા, સેક્રેટરી શ્રી હરીશ શિયાડ, અને કાર્યકરોએ સુંદર જહેમત લઈ ટુર્નામેન્ટને સફળ બનાવેલ.

મુંબઈ મહાજનના સેક્રેટરી શ્રી ચેતન મોતા-ઉપપ્રમુખ, શ્રી સંજય અજાણી, અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી હેમાંગ ધરમશી તથા મુકેશ લોડાયા, ચાંદની લાલકા, પરેશ લાલકા, ટોમેશ નાગડા, નિપેશ પટેલ, કિરણ દંડ, દીપક લોડાયા, વિરચંદ લોડાયા, કિરણ દંડ (વાશી) વિ. કાર્યકરો પધારીને કેડીઓ ક્રિકેટરોને પ્રોત્સાહિત કરેલ. મંડળ તરફથી સુંદર વ્યવસ્થા કરાયેલ.

## કચ્છ યુવક સંઘ-ડોંબીવલી

યુવક સંઘની ડોંબીવલી શાખા દ્વારા રક્તદાન અભિયાન અંતર્ગત ૧૪મી રક્તદાન શિબિર રવિ ૧૪.૪.૧૩ના સવારે ૮ થી ૫ દરમ્યાન ચાર અલગ સ્થળે યોજાઈ છે. અંદાજે વીસેક સંસ્થાઓએ આ અભિયાનને સહયોગ આપેલ છે. વધુ વિગત સંપર્ક શ્રી ઈલેશ ધરોડ-9892827567

## મુંબઈ મહાજન દ્વારા ૭૦મો સમુહલગ્ન સમારોહ

શ્રી મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે વિવિધ સખી દાતાઓના સહયોગે ૭૦મા સમુહ લગ્નોત્સવ રવિવાર ૨૮.૪.૧૩ના સવારે શુભમુહુર્તે શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિધ્ધિ સંકુલ, ભાંડુપ (વે)માં યોજાયેલ છે.

આ માંગલિક પ્રસંગે સવારે ૯.૩૦ કલાકે જાનપ્રસ્થાન, ૧૦.૩૯ કલાકે હસ્તમેળાપ અને ૧૧ થી ૧ પ્રીતિ ભોજન રહેશે. આ સમારોહમાં પાંચ યુગલ પ્રભુતામાં પગલા માંડશે.

## કોપલ

અત્રે શ્રી ગવિસિધ્ધેશ્વર મઠના સ્વામીજીની નિશ્રામાં ૪.૪.૧૩ના એક વૃધ્ધાશ્રમ નિર્માણ માટે ભૂમિપૂજન થયું. વૃદ્ધાશ્રમ માટે અત્રેના સુપ્રસિદ્ધ વકીલ સંજય કોતબાળે પોતાના દાદીમા શ્રીમતી ચન્નબસમ્મા ગુરૂસિદ્ધપ્પા કોતબાળની પુણ્યસ્મૃતિમાં રૂા.૫૧ લાખનું (એકાવન લાખ)નું માતબર દાન કરેલ છે.

ગવિસિધ્ધેશ્વર મઠના સ્વામીજીએ ૨૩.૩.૧૩ના ગદગમાં આપણાં જીવન સંધ્યાનું નિરીક્ષણ કરેલ અને ત્યાંની વ્યવસ્થા નિહાળીને ખૂબ પ્રભાવિત થયેલ. જેથી એમણે કોપલના વૃધ્ધાશ્રમના ભૂમિપૂજન જીવનસંધ્યાના નિર્માણ માટે મહત્ત્વનું યોગદાન આપનારા શ્રીમતી મણીબાઈ કાંતિલાલ મૈશેરીના કરકમલો દ્વારા કરાવેલ. આ ઘટના જ્ઞાતિજનો માટે ગૌરવપ્રદ છે. આ પ્રસંગે


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

મણીબાઈની સાથે જીવનસંધ્યાના ટ્રસ્ટી શ્રી હરીશભાઈ મુનવર તથા ગદગના મહાજનના કાર્યકર શ્રી સતીશભાઈ લુઠીયા આદિ નવ જણાં કોપલ પધારેલ.

ગદગથી પધારેલ જ્ઞાતિજનો માટે સવારના નાસ્તાની વ્યવસ્થા શ્રી લલીતભાઈ પોકરણને ત્યાં તથા બપોરના ભોજનની વ્યવસ્થા ભાઈશ્રી નરેશ જયચંદ નાગડાને ત્યાં રાખવામાં આવેલ.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્યનિધી ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ દ્વારા પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને સુંદર પ્રવૃત્તિઓ થઈ રહી છે. દર બુધવારના ગરીબો ભોજન કરાવવાના કાયમિતિથીના દાતાઓ : માતુશ્રી વિજયાબાઈ પટેલ (હસ્તે-વિજયાબાઈ દેવજી અને વિરચંદ રતનશી ભાટે-ચાલીસગામ), પ્રેમીલા પ્રમોદ વિરચંદ મોમાયા (ઘાટકોપર), ઝવેરચંદ વેલજી મોમાયા (હસ્તે-દલેશભાઈ), ઈંદિરાબેન પદમશી ધરમશી (હસ્તે-તિલોતમા રાજેશ લોડાયા-ચાલીસગામ), લક્ષ્મીબાઈ દેવજી કેશવજી લોડાયા (હસ્તે-વિજયાબેન પટેલ, વિરચંદ રતનસી ભાટે-ચાલીસગામ), આશારિયા ચત્રભોજ લોડાયા (અંકલેશ્વર), નેણશી કુંવરજી માંડણ લોડાયા (હસ્તે-લક્ષ્મીબેન નેણશી લોડાયા-ચાલીસગામ), હિરબાઈ માણેકજી લોડાયા (ગુંદરવાલા-થાણા), પૂર્ણીમાબેન પદમકુમાર નાગડા (હુબલી).

## ધુલીયામાં સમુહ વર્ષીતપનો આરંભ

અત્રે સમુહ વર્ષિતપનો આરંભ થયેલ છે. જેમાં ૫૦ જણાંએ ભાગ લીધેલ છે. તથા સવારના એકાસણા જૈન ભવનમાં રાખવામાં આવેલ છે. આખા વર્ષના એકાસણાંનો લાભ માતુશ્રી રંભાબેન ગોપાલજી દામજી પરિવારે લીધેલ છે. તપસ્વીઓમાં ત્રણ જણાં જ્ઞાતિના છે.

## આદિજિન સખી મંડળ-આદિપુર

આદિજિન સખી મંડળની વાર્ષિક સભામાં ગત વર્ષના અહેવાલ સાથે નવી કમિટીની નિમણુંક કરવામાં આવી. જેમાં પ્રમુખ-અલ્પાબેન પ્રતાપ મોતા, ઉપપ્રમુખ-બીનાબેન ચેતન ડાઘા, ખજાનચી-વીણાબેન લિખેશ મોમાયાની નિમણુંક થઈ. હાર્દિક અભિનંદન.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)


## સૌ. લતાબેન જયંત દંડ મહિલા સ્પર્ધામાં પ્રથમ

શા. રાવસાહેબ ગોવિંદજી ખીમજી દંડ પરિવાર (છાદુરા)ના પુત્રવધુ અને શા. કલ્યાણજી તથા રતનશી




ખિમજી ખોના પરિવાર (કોઠારા)ના દીકરી સૌ. લતાબેન જયંત દંડ ૨૩ માર્ચ ૧૩ના ધુલીયાના પ્રસિદ્ધ અને સૌથી જુના મહિલા મંડળ વનિતા સમાજના ઉપક્રમે જાગતિક મહિલા દિન નિમિત્તે ધુલીયા શહેર અને સમસ્ત જિલ્લાવાસી મહિલાઓ માટે 'શ્રીમતી ધુળે સ્પર્ધા' આયોજીત કરેલ. જેમાં ૨૫થી ૪૫ વર્ષ અને ૪૫ વર્ષથી ઉપરના એમ બે ગ્રુપમાં ૩ રાઉંડ્સ રાખેલ. પહેલા રાઉંડમાં પારંપારિક વેશભુષામાં સ્વપરિચય કરાવવાનો, બીજા રાઉંડમાં કોઈ ખાસ કલા આવિષ્કાર રજુ કરવાની, ત્રીજા રાઉંડમાં નિર્ણાયકો તરફથી પ્રશ્નોત્તરી હતી. જેમાં સૌ. લતાબેને કચ્છી મહિલાની અસલ વેશભૂષામાં સ્વપરિચય આપેલ અને કચ્છી ગજિયો નૃત્ય સાદર કરેલ. ઈંજિનિયરીંગ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપિકા ખૈરનાર મેડમના બૌધ્ધિક પ્રશ્નોના જવાબ આપીને ઝળહળતા 'શ્રીમતી ધુળે' ખિતાબના વિજેતા બન્યા.

ધુલીયાની જ્ઞાતિ બહેનોએ કાર્યક્રમમાં બહોળી હાજરી આપીને બધા સ્પર્ધકોના ઉત્સાહ વધાર્યો. આ સ્પર્ધા ૬ કલાક ચાલી હતી. કુલ ૪૧ સ્પર્ધકોએ ભાગ લીધેલ. વરિષ્ઠ ગટમાં સૌ. લતા જયંત દંડને પુરસ્કાર પ્રાપ્ત થયેલ.

આ જવલંત સિદ્ધિ બદલ અને જીલ્લાસ્તરે શ્રેષ્ઠ દેખાવ કરી જ્ઞાતિનું નામ રોશન કરવા બદલ હાર્દિક અભિનંદન.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જામનગર

અત્રે મહાજનશ્રીના ઉપક્રમે માઁ ભગવતી મહાકાલી માતાજીની ૨૧મી ભાવના માતાજીના દરબારમાં પાવાગઢ મુકામે રાખવા ભાવના હતી. પરંતુ પરીક્ષાઓના કારણે


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

૩૧.૩.૧૩ના સવારે ૮.૩૦ કલાકે શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહમાં રાખેલ. જેમાં સંઘ વતી યજમાન સૌ. મીના પ્રકાશ કાંતિલાલ ધરમસીને લાભ અપાયેલ. મહાકાલી માતાજીનું મહાપુજન શાસ્ત્રીશ્રી અમીત મારાજ દ્વારા કરાવવામાં આવેલ. ત્યારબાદ માતાજીની ભાવના સંઘના ભાઈઓ તથા બહેનોએ ભણાવેલ. અને માતાજીની આરતિ બાદ બપોરના સંઘ તરફથી સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ. પુજનમાં ૧૫૦ જેટલા જ્ઞાતિજનો ભાગ લઈ ભવ્યતાથી પ્રસંગની ઉજવણી કરેલ અને ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોએ બીજી ટર્મ માટે મહાકાલી માતાજીની એકવીસ ભાવના ભણાવવા સંકલ્પ કરેલ જે અભિયાનમાં એપ્રીલમાં માતુશ્રી પ્રેમાબાઈ અમરશી વોરા મે માસમાં માતુશ્રી મોતીબાઈ ત્રિકમજી નાગડા પરિવારે લાભ લીધેલ છે. આ પ્રવૃત્તિ શરૂ થવાના કારણે જ્ઞાતિજનો અરસ પરસ હળી મળી, વિચાર વિમર્શ કરી પોતાના વિચારોની આપ લે કરી સંપર્કમાં રહે છે.

## 'પરબ' દ્વારા અનાજ-મસાલા વિતરણ

'પરબ' ના ઉપક્રમે લખ-લક્ષ્મી જનસહાય પ્રેરીત અનાજ મસાલા વેચાણ કાર્યક્રમ ૩ અને ૪ એપ્રિલ ૧૩ના ઘાટકોપરમાં અનંતછાયા પટ્ટાંગણમાં યોજાયેલ. છેલ્લા ૧૮ વર્ષથી પરબ આ ઉપયોગી પ્રવૃત્તિનું આયોજન કરીને જ્ઞાતિબહેનો માટે સહાયરૂપ બને છે. વિશેષતઃ પરબ જ્ઞાતિબહેનો માટે સ્વાવલંબન, ગૃહઉદ્યોગ વ્યવસાયને પ્રોત્સાહન આપવા નિઃશુલ્ક સ્ટોલ્સ સુવિધા આપી બહેનો માટે કલ્યાણકારી પ્રવૃત્તિ કરે છે. સ્ટોલ્સધારકોને દરેક પ્રકારે મદદરૂપ થઈ તેમના માટે ખાનપાન સહ સુવિધાઓ પુરી પાડે છે. નાનાનાના ગૃહઉદ્યોગો જેવા વ્યવસાયોને ઉત્તેજન આપે છે. અનાજ સાથે ૨૫ સ્ટોલમાં ગૃહઉદ્યોગ કરી બહેનોએ હુન્નર ઉદ્યોગ દાખવ્યો. જેમાં વિવિધ અથાણાં, સુકવણી, ચટણી, મુખવાસ, મસાલા, મીઠાઈઓ, ફરસાણ, નાસ્તા, હેરઓઈલ, બ્યુટી પ્રોડક્ટસ, શણગાર-સજાવટની આઈટમો વગેરેનું વેચાણ કર્યું.

પરબ દ્વારા શારીરિક અને માનસિક રીતે અક્ષમ એવા બાળકોને પણ સ્ટોલ આપવામાં આવ્યા. જેમાં એ બાળકોએ પોતે બનાવેલા અગરબત્તી, દિવા, કવર, ગિફ્ટબેગ વગેરેનું વેચાણ કરી સારા વેંચાણ સાથે પગભર થયાની લાગણી અનુભવી. બધા સ્ટોલધારકોને વિનામુલ્યે સ્ટોલ આપવામાં આવ્યા.

દર વર્ષ મુજબ આ સમાજોપયોગી પ્રવૃત્તિને જ્ઞાતિમાંથી જબ્બર પ્રતિસાદ મળેલ.

જ્ઞાતિજનો માટે યોગ્ય ભાવે અને જાતમહેનતે તૈયાર કરેલ આઈટમોનું સારું વેચાણ થયું. પરબની ટીમે પધારેલ સૌ માટે સુંદર વ્યવસ્થા કરી પ્રોજેક્ટને સફળ બનાવેલ.

## વતનના વહેણ...

માદરે વતનમાં ફાગણી અમાસથી છેલ્લા ચારેક દિવસ કુદરતી વાતાવરણ બદલાયું છે. વૈશાખી વાયરા વાઈ રહ્યા છે. પવનના એંધાણો ૧૬ આની વર્ષ થવાના છે. વતનમાં શાંત અને શ્રીકાર વરસાદ થવાના એંધાણ દેખાય છે.

સારો વરસાદ થવાનો હોઈ કચ્છની જમીન સોનું પકવશે. પ્રર્વતતા શુભ સંકેતો અને ચિન્હો શુભ ભાવિનું એંધાણ આપી રહ્યા છે આ વર્ષે ચોમાસું વહેલું બેસે તેવી ધારણા છે.

## કચ્છને અછતગ્રસ્ત જાહેર કરવા માંગ

શ્રી કચ્છ જીલ્લા પાંજરાપોળ-ગૌશાળા સંગઠન દ્વારા વર્તમાન દુષ્કાળ પરિસ્થિતિને અનુલક્ષીને રાજ્યસરકાર સામે અછતગ્રસ્ત જાહેર કરવા માંગ કરાઈ છે. સરકાર પાસે રજુઆત કરવા ઠરાવાયું. આ માટે રાજ્ય સરકારને નિવેદન માંગ અપાઈ છે.

## પાસ થયા - હાર્દિક અભિનંદન.....

**સૌ. જિનલ કેવલ મોમાયા** (જામનગર)

M.S.W. 65%


**ECE TEACHER TRAINING COURSE**

(4 MONTHS CERTIFICATE COURSE) AND

**PHONICS TEACHER TRAINING COURSE**

(1 week certificate course)

Regular Batch : Monday & Friday

Weekend Special Batch : Saturday & Sunday

New Batch Starts on 4th April 2013

**LN Mehta Ed Classes,**

Yogesh Sadan, Hingwala Lane,

Ghatkopar (E), Mumbai-400 077.

Phone : 25014824/25014870/9821285541

**બ્યુટીપાર્લર-મુલુંડ:** ફક્ત બહેનો માટે ગોલ્ડ બ્લીચ(FBN), ગોલ્ડ સ્પે. ફેસીયલ, મેનીક્યોર, પેડીક્યોર, સ્પે. ઓઈલ હેર મસાજ, હેર મહેંદી પેક, હાથ-પગનું વેક્સીંગ વગેરે. બ્યુટીપાર્લર સર્વિસ માટે સંપર્ક : **9892280499/ 9022159022**

સ્પે. ડિલક્સ પેકેજ રૂા. ૧૦૦૦/સ્પે. ૬ ડીલક્સ પેકેજ રૂા. ૩૦૦૦

**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**મીનાક્ષી કે. લોડાયા** એફ-૫૧૮, ચિન્મય, પ્લોટ-૩, રોડ નં.૧, ગોરાઈ-૧, બોરીવલી (વે), મુંબઈ-૪૦૦૦૯૧

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.ફુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪.૦૨.૧૩ | ડોંબીવલી | SIL0310202 | ડીમ્પલ-આશા/આશિષ હીરાચંદ લોડાયા | સાંયરા | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૭.૦૪.૧૩ | દાવણગેરી | NLLO01040701 | હર્ષદ શિરીષ કિશોર લોડાયા | નલીયા | ૨૭ |
| | બેલ્લારી | NLKN30703 | હિરલ જનક કિશોર ખોના | નલીયા | ૨૫ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૯.૦૩.૧૩ | બીજાપુર | KRDH020201 | કેતક લક્ષ્મીચંદ વીશનજી ધરમશી | કોઠારા | ૫૫ |
| | થાણા | SIM0090402 | પુજા (પુષ્પા) જેઠાભાઈ પુનશી મોમાયા | સાંધવ | ૫૫ |
| ૦૪.૦૪.૧૩ | ઘાટકોપર | NLKG060504 | મિતલકુમાર નવીનચંદ્ર હીરજી ખોના | નલીયા | ૨૬ |
| | ડોંબીવલી | KBL0051105 | હીરલ રમેશ રતીલાલ લોડાયા | મોટીખાવડી | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૪.૦૪.૧૩ | મુલુંડ | CDDD030102 | જયવંતી હીરાચંદ જેઠાભાઈ દંડ | છાદુરા | ૮૦ |
| ૦૬.૦૪.૧૩ | ઘાટકોપર | SUKN070801 | હંસરાજ કુંવરજી વસાયા ખોના | સુથરી | ૮૮ |
| ૦૬.૦૪.૧૩ | કોપરખેરણે | TRLO060901 | ખેતબાઈ ટોકરશી વેલજી લોડાયા | તેરા | ૭૫ |
| ૦૭.૦૪.૧૩ | કેનેડા | BRKN010901 | શરદ જવેરચંદ શીવજી ખોના | બારોઈ | ૬૭ |
| ૦૯.૦૪.૧૩ | મુલુંડ | KBL0032301 | ખીમજી કરમશી વીરપાર લોડાયા | મોટીખાવડી | ૮૦ |

## 'સગપણ સેતુ' માધ્યમનો લાભ લો

*સગપણની સમસ્યા હળવી કરવા હેતુસર સુલભ સંપર્ક માધ્યમ માટે આ વિભાગ નિઃશુલ્ક સેવારૂપે ચાલે છે.*

*આપના લગ્નોત્સુક સંતાન માટે વિશાળ પસંદગી અને યોગ્યપાત્ર સુલભપણે મેળવવા તેમનો ૨૦ મુદ્દાનો પરિચય અને નિયમ ફોર્મ ભરી પ્રકાશિત કરવા મોકલો.*

*આપના સંતાનના પરિચય જ્ઞાતિસ્તરે પ્રકટ થતાં એ અંગે જે પુછપરછ આવશે તે આપને સામેવાળા ઈચ્છુકપાત્રના બાયોડેટા અને સંપર્ક વિગત મોકલશું જેની તપાસ કરી આપે તેમને હા-નાનો પ્રત્યુત્તર આપવાનો રહેશે.*

*પ્રકટ થતી પરિચય શ્રૃંખલામાંથી આપને યોગ્ય જણાંતા પાત્રના* **ક્રમાંક નં.** *લખવાનો રહેશે. સાથે આપના સંતાનના બાયોડેટાની બે નકલ તથા રૂ. ૫ ની સ્ટેમ્પ લગાડેલ કોરા કવર મોકલવા.*

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

**હાર્દિક વધામણાં...**

પંચગીની-મહાબળેશ્વર હવામથકે જૈનો માટે રાહતદરે સુવિધાજનક **'રાજલક્ષ્મી આરોગ્યધામ'** ના શુભારંભ માટે શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર (લાખણીયા)ના ઉદાર-પ્રેરક યોગદાનની હાર્દિક અનુમોદના અને તેની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા...

**-"તન-મન" પરિવાર**

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# અશ્રુભીની સ્મરણાંજલી

જેમણે જીવનભર સંઘર્ષ કરીને અમારા પરિવારને
મહેકતો રાખ્યો એવા વાત્સલ્યહૃદયી પિતાશ્રીને
માસીક પુણ્યતિથીએ સ્મરણાંજલી



અવતરણ
૧૫.૦૫.૧૯૪૫

મોક્ષગામી
૦૮.૦૩.૨૦૧૩

## શ્રી મહેન્દ્ર બંકિમચંદ્ર લોડાયા

(રવા - ઘાટકોપર)

ખીલવું અને ખરી પડવું એ જ જીવનનું સૌંદર્ય છે.
ખરી પડે તે પહેલાં પુષ્પ પણ પોતાની સુગંધનું વિસર્જન કરે છે.
આપે પણ આપના જીવનને સુગંધમય બનાવી ખરી પડ્યા ને
ધન્ય બની ગયા ને આપના મૃત્યુને મહોત્સવ બનાવી ગયા.
આપનો આત્મા જયાં પણ હોય ત્યાં પરમકૃપાળુ પ્રભુ
આપને ચિરશાંતી અર્પે એજ અભ્યર્થના.

**આપનો વ્હાલો પરિવાર**

પત્ની : નીનાબેન

પુત્ર - પુત્રવધુ : કલ્પેશ - રૂપા • જીગર - રિધ્ધિમા

પૌત્ર : જય, કુશ, યશ

પૌત્રી : અમી

જે કોઈ રૂબરૂ, વ્યક્તિગત, ટેલિફોન તથા સંઘ દ્વારા એમને જેમણે
પણ શ્રદ્ધાંજલી અર્પણ કરી છે ને અમોને સાંત્વના આપી છે
એમના અમે સર્વે ઋણી છીએ.

# વહાલસોયી દિકરીને ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૨૧/૧૧/૧૯૫૪

અરિહંતશરણ
રવિવાર તા. ૩૧/૦૩/૨૦૧૩

## અ.સૌ. પૂર્ણિમાબેન હેમંતભાઈ ઔરંગાબાદવાલા

(ઉ.વ. ૫૮)

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસ્વીર આપની
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની
શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખુટે છે, અંજલી આપતાં હૈયું તુટે છે
આપની મધુર યાદ ક્યારે પણ ભુલાય તેમ નથી...

### શ્રદ્ધાંજલિ સુમન

માતુશ્રી ગુણવંતીબેન ધનપતિ રાયચંદ કાયાણી (ખોના) સહપરિવાર
(જખૌ)

માતા-પિતા : ગં.સ્વ. ગુણવંતીબેન ધનપતિ રાયચંદ કાયાણી
કાકા-કાકી : (સ્વ) હંસાબેન કાંતિલાલ રાયચંદ કાયાણી
ભાઈ-ભાભી : અ.સૌ. કાશ્મીરા જયરાજ ધનપતિ કાયાણી
: અ.સૌ. લીના નિતિન ધનપતિ કાયાણી
ભત્રીજા-ભત્રીજાવહુ : અ.સૌ. સોનલ સંકેત જયરાજ કાયાણી
: અ.સૌ. ક્રીનલ ચિંતન નિતિન કાયાણી
ભત્રીજી-ભત્રીજીજમાઈ : અ.સૌ. વૈશાલી નિલાંજ તિલકચંદ છેડા
: અ.સૌ. માસુમી મિહીર સોમચંદ ધરમશી
પતિ : શ્રી હેમંતભાઈ મહેન્દ્રજી ઔરંગાબાદવાલા
સાસુ-સસરા : ગં.સ્વ. કમલાબેન મહેન્દ્રજી ચાંદમલજી (બીકાનેર)
દિયર-દેરાણી : અ.સૌ. શોભાબેન કેતનભાઈ મહેન્દ્રજી
પુત્ર-પુત્રવધુ : અ.સૌ. વૈશાખી હર્ષ હેમંતભાઈ ઔરંગાબાદવાલા
દિકરી-જમાઈ : અ.સૌ. મેઘના ફ્રેનીલ વિજય દંડ

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.




To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**